Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨૬–૮–૨૦૧૪**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા.૨૬–૮–૨૦૧૪ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા.૨૬–૮–૨૦૧૪** |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ. ધનેશ ગોપાલદાસ વૈદ્ય | ગેરહાજર |
| ૧૦. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૮. | ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૧૯. | ડૉ.ધનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૨૫–૬–૨૦૧૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૫–૬–૨૦૧૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**<u>સિ.તા.૨૫–૦૬–૨૦૧૪ની બાબત ક્રમાંક : ૪૦</u>**

**બાબત ક્રમાંક : ૦૭માં <u>બસ ભાડેથી</u> આપવાની દરખાસ્તને મંજુર કરવામાં આવે છે, બાંધકામ સમિતિની ભલામણને યથાવત સ્વીકારવી.**

**<u>ને બદલે</u>**

**બાબત ક્રમાંક : ૦૭માં <u>MoU</u> કરવાની દરખાસ્તને મંજુર કરવામાં આવે છે, બાંધકામ સમિતિની ભલામણને યથાવત સ્વીકારવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૧૯માં એમ. આર. એસ. વિભાગમાં ડ્રિપ ઈરિગેશનની કામગીરી માટે મંજૂરી આપવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

**(બાંધકામ)**

**<u>સિ.તા.૨૫–૦૬–૨૦૧૪ની બાબત ક્રમાંક : ૪૨</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સી. બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ માટેના થયેલા MoU મુજબ કાર્યવાહી કરવા નીચે મુજબની સમિતિ દાતા સાથે ચર્ચા કરશે.**

**(૧) ડૉ.સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી પરેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સી. બી.પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ માટેના થયેલા MoU મુજબ આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**<u>વાંચનમાં લેવું</u> (યુ. ક. અને શા. શિ.)**

**<u>સિ.તા.૨૫–૦૬–૨૦૧૪ની બાબત ક્રમાંક : ૬૮</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૬–૦૬–૨૦૧૪ની સભાની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૭૦નો યથાવત સ્વીકાર કરવો.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પુનઃવિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને રીફર કરવી.**

**<u>વાંચનમાં લેવું</u> (શૈક્ષણિક)**

**(નોંધ : શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ સિન્ડિકેટની સભામાં કયાં અધિકારીને બેસાડવા બાબતે ચર્ચા કરેલ હતી તે સંદર્ભે માનનીય કુલપતિશ્રીએ મૌખિક જણાવેલ કે યોગ્ય વ્યકિતને અધ્યક્ષશ્રીની સંમતિથી સિન્ડિકેટની સભામાં બેસાડી શકાય છે અને તે મુજબનો શિરસ્તો છે, વધુમાં તા.૧૯–૫–૨૦૧૪ના પત્રાંક : એસ (૧)/ ૫૬૧૪/ ૨૦૧૪થી પણ જાણ કરવામાં આવી છે.)**

૨. સ્વનિર્ભર સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમોનું ફીનું માળખું સર્વગ્રાહી રીતે નિયત કરવા સિન્ડિકેટની તા.૨૬–૭–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક (૧૯) અન્વયે નિયુકત સમિતિની તા.૨૧–૧–૨૦૧૪ના રોજ મળેલ સભાએ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવર્તમાન ફીમાં વધારો કરી આ સાથેના બિડાણ મુજબ ફી વધારો કરવા ભલામણ કરેલ છે જે ભલામણ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી અમલ કરવા વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **સર્વગ્રાહી ચર્ચાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, સદર ફી નિયત કરવા માટેની સમિતિ ઉપરાંત એક્રેડીટેશન/ કોલેજના જોડાણનું વર્ગીકરણ માટે નિમાયેલી સમિતિ (૧) ડૉ.અપૂર્વ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી) (૨) શ્રી પરેશ આર. પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી) આમ આ બન્ને સમિતિએ સદર બાબતે સંયુકત અહેવાલ રજૂ કરવો. જો સમિતિને યોગ્ય જણાય તો જે તે વિદ્યાશાખાઓના ડીનશ્રીની મદદ લેવી.**

૩. સેક્રેટરીશ્રી, ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, વેસુ–સુરતના તા.૧૨/૦૫/૨૦૧૪ના રોજના પત્રાંકઃ ભ.મ./ ૩૬૦/ ૨૦૧૩ –૧૪ મુજબ ભગવાન મહાવીર કોલેજ ઓફ બાયોટેકનોલોજી કોલેજમાં એમ.એસસી.બાયોટેકનોલોજી (ઈન્ટીગ્રેટેડ) અભ્યાસક્રમ માટેનું હાલ એક ડિવિઝન ચાલે છે. આ ડિવિઝન ૬૦ ની ઈન્ટેક ધરાવે છે. ઉપરોકત સંસ્થા દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી વધારાનું એક ડીવીઝન મેળવવા કરેલ માંગણી અંગે વિચારણા કરવા બાબત.

sVG] :GFTSf

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એમ. એસસી. ઈન્ટીગ્રેટેડ બાયોટેકનોલોજી કોલેજ, સુરત માટે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી વધારાનું એક ડિવિઝન મેળવવા કરેલ માંગણીના સંદર્ભમાં પ્રવેશની કાર્યવાહી હાલ પૂર્ણ થવાની હોય પ્રસ્તાવ પરત કરવો.**

૪. શ્રીમતી કુસુમબેન કડકીઆ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર ધ્વારા તેમના તા.૧૪–૭–૨૦૧૪ના પત્ર ક્રમાંક જાવક નંબર ૬૦૫૬/ ૨૦૧૪થી કોલેજમાં ક્રમશઃ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯થી ગુજરાતી, અર્થશાસ્ત્ર અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન અંગ્રેજી વિષયના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી આપેલ હતી જે અનુસ્નાતક કેન્દ્રો શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી બંધ કરેલ હોય તે અનુસ્નાતક કેન્દ્રો કોલેજનું કાયમી જોડાણ ધરાવતી હોય યુ. જી. સી. ૨ (એફ) તથા ૧૨ (બી) સ્ટેટસ ધરાવતી હોય, વિસ્તારની ભૌગોલિક પરીસ્થિતિ તથા વિદ્યાર્થીઓની આર્થિક સામાજીક જાતિવાર સ્થિતિને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી પુનઃ શરૂ કરવાની વિનંતી કરેલ છે, જે પર વિચારણા કરવા અંગે.

**(નોંધ :** સદર કોલેજ શૈક્ષણિક સ્ટાફ ન હોવાથી જે તે અનુસ્નાતક કેન્દ્રો બંધ કરવાની કોલેજની વિનંતી સિન્ડિકેટ ધ્વારા તેની તા.૨૦–૫–૨૦૧૪ના ઠરાવ ક્રમાંક (૨૨૮)અન્વયે સ્વીકારેલ હતી.**)**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી કુસુમબેન કડકીઆ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને અંગ્રેજી વિષયના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી પુનઃ શરૂ કરવા નિયમાનુસાર જોડાણની અરજી કરવા કોલેજને જણાવવું.**

૫. યુનિવર્સિટી સંલગ્ન શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ), વરિયાવ જકાતનાકાની પાસે, જહાંગીરપુરા–વરિયાવ રોડ, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ – ૧૫ માટે પાંચ ડિવિઝન ઉપરાંત વધારાના ૩ ડિવિઝનની માંગણી પ્રસ્તુત કોલેજના મેમ્બર સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૨–૮–૨૦૧૪ ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ કોમર્સ કોલેજ, (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ), વરિયાવ, સુરતના મેમ્બર સેક્રેટરીશ્રીની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ – ૧૫ માટે પાંચ ડિવિઝન ઉપરાંત વધારાના ૩ ડિવિઝનની માંગણી સંદર્ભે હાલ પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થવાની હોય વધારાના ડિવિઝનની માંગણી નામંજૂર કરવી.**

૬. ભારત એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન ધ્વારા એમ. એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ના નવા જોડાણની સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતો પૂર્ણ કરવાની શરતે સિન્ડિકેટની તા.૧૪–૫–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૬) અન્વયે નવું જોડાણ મંજૂર કરેલ હોય જે નવા જોડાણની શરતો નીચે મુજબ પૂર્ણ કર્યાની જાણ બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના તા. ૭–૬–૨૦૧૪ના પત્ર ક્રમાંક : જાવક નંબર : ૧૩૧૨ / એમ. એડ. / ૨૦૧૩–૧૪ થી કરેલ હોય જે અવલોકનમાં લઈ શરતો પૂર્ણ કર્યાની નીચે મુજબની સ્પષ્ટતા કરેલ હોય જે પૂર્તતા સ્વીકારવા વિચારણા કરવા અંગે.

| ક્રમ | <u>શરતો</u> | <u>પૂર્તતા</u> |
|---|---|---|
| ૧ | એમ. એડ. (સૂચિત) અભ્યાસક્રમ માટે પસંદગી થયેલ શૈક્ષણિક કર્મચારીઓને એન. સી. ટી. ઈ. મંજૂરી મળ્યેથી નિમણૂંક ઓર્ડર આપવામાં આવે. | એન. સી. ટી. ઈ.ની મંજૂરી મળી ગયેલ હોય શૈક્ષણિક કર્મચારીઓને નિમણૂંક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| ૨ | એન. સી. ટી. ઈ. મંજૂરી મળયેથી વહીવટી સ્ટાફની નિમણૂંક કરી તેની પ્રોફાઈલ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે. | વહીવટી સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલ છે. પ્રોફાઈલની નકલ આ સાથે (પત્ર સાથે) સામેલ છે. |
| ૩ | શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓને યુનિવર્સિટી, સરકાર, યુ. જી. સી.ના ધારા ધોરણો મુજબ પગાર આપવામાં આવે. | યુનિવર્સિટી, સરકાર, યુ. જી. સી.ના ધારા ધોરણો મુજબ પગાર આપવામા આવશે. |
| ૪ | એમ. એડ.ના વિષયો તથા સંશોધનને લગતા સંદર્ભ પુસ્તકો રૂા. ૫૦૦૦૦/– ના વસાવવા. | એમ.એડ.ના વિષયો તથા સંશોધનને લગતા સંદર્ભ પુસ્તકો આશરે રૂપિયા ૧૫૦૦૦/–ના બિલમાં દર્શાવ્યા મુજબના વસાવવામાં આવ્યા છે. બીજા પુસ્તકો વસાવવામાં આવશે. |
| ૫ | શૈક્ષણિક સ્ટાફ માટે ઈન્ટરનેટ સહિતના કમ્પ્યૂટરની તેમની કેબીનમાં અથવા સ્ટાફ રૂમમાં વ્યવસ્થા કરવામાં આવે. | શૈક્ષણિક સ્ટાફ માટે ઈન્ટરનેટ સહિતના કમ્પ્યૂટરની સ્ટાફ રૂમમાં વ્યવસ્થા કરવામા આવેલ છે. |
| ૬ | વ્યાખ્યાન ખંડ, ભૌતિક દષ્ટિએ, શૈક્ષણિક દષ્ટિએ અદ્યતન સામગ્રી અને એલ. સી. ડી. થી સમૃધ્ધ કરવામાં આવે. | વ્યાખ્યાન ખંડ, ભૌતિક દષ્ટિએ, શૈક્ષણિક દષ્ટિએ અદ્યતન સામગ્રી અને એલ. સી. ડી. થી સમૃધ્ધ છે. |
| ૭ | એમ. એડ. (સૂચિત) અભ્યાસક્રમ એન. સી. ટી. ઈ. ની મંજૂરી મળ્યેથી ચલાવવામાં આવે અને જે વર્ષે ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી આપવામાં આવે. | એમ. એડ. (સૂચિત) અભ્યાસક્રમ એન. સી. ટી. ઈ. ની મંજૂરી મળ્યેથી ચલાવવામાં આવે છે. આ સાથે બાંહેધરી સામેલ છે. |

sVG] :GFTSf

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભારત એજયુકેશન ટ્રસ્ટ, બારડોલી સંચાલીત બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી ધ્વારા એમ. એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ના નવા જોડાણની સ્થાનિક તપાસ સમિતિની ઉપરોકત શરતો પૂર્ણ કરવાની શરતે સિન્ડિકેટની તા.૧૪–૫–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૬) અન્વયે નવું જોડાણ મંજૂર કરેલ હોય જે નવા જોડાણની શરતો ઉપરોકત મુજબ પુર્ણ કર્યાની જાણ બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના તા.૭–૬–૨૦૧૪ના પત્ર ક્રમાંક : જાવક નંબર : ૧૩૧૨ / એમ. એડ. / ૨૦૧૩–૧૪ થી કરેલ હોય જે અવલોકનમાં લઈ શરતો પૂર્ણ કર્યાની ઉપરોકત મુજબની સ્પષ્ટતા કરેલ હોય જે પૂર્તતાનો સ્વીકાર કરવો.**

૭. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ના સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમના ચાલુ જોડાણ સંદર્ભની રજૂઆત સાંભળવા સિન્ડિકેટની તા. ૨૫–૬–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૦) અન્વયે નિયુક્તિ સભ્યોએ તા. ૨૨–૭ – ૨૦૧૪ના રોજ યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ રૂમ નંબર ૨૦૫માં નીચેની કોલેજમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના ચાલુ જોડાણ આપવાની રજુઆત સંસ્થાના પ્રતિનિધિ દ્વારા કરી એમ. એસસી. કમ્પ્યુટર એપ્લિકેશન અભ્યાસક્રમમાં એડમિશન આપવા વિનંતી કરેલ હોઈ, જે પર વિચારણા કરવા અંગે.

| ક્રમ | કોલેજનું નામ | સંસ્થાની રજૂઆત |
|---|---|---|
| ૧ | શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયૂટ. ઓફ કમ્પ્યૂટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, સુરત | (૧) સંસ્થા દ્વારા ડૉ. ઘનશ્યામ સનાઢયા, ડૉ. કે. આર. દેસાઈ અને ડૉ. પ્રતિભાબેન દેસાઈ હાજર રહયા હતા.<br>(૨) સંસ્થા દ્વારા કમ્પ્યૂટર સાયન્સ માટે ૧૧ શિક્ષકોની જરૂરિયાત હોઈ, તેની સામે સંસ્થામાં કુલ ૬ શિક્ષકોની નિમણૂંક થયેલ છે. અન્ય ૨ શિક્ષકોની નિમણૂંકની પ્રક્રિયા ૨૦ જુલાઈ ૨૦૧૪ના રોજ પૂર્ણ કરી યુનિવર્સિટીની માન્યતા માટે મોકલેલ છે.<br>(૩) સંસ્થાની ગણતરી મુજબ ૩ શિક્ષકોની ઘટ હોઈ, જે ઘટ પૂર્ણ કરવા સંસ્થાના પ્રતિનિધિ ધ્વારા જણાવેલ છે.<br>(૪) કોલેજના નિયામક ધ્વારા તેમના તા. ૧૩–૬–૨૦૧૪ અને ૨૧– ૬ – ૨૦૧૪ના પત્રથી એમ. એસસી. (કમપ્યૂટર એપ્લિકેશન) અભ્યાસક્રમના ઈન્ચાર્જ તરીકે શ્રી જયેશભાઈ પુસ્તીવાલાની નિમણૂંક કરેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે કુલ કાર્યભારને આધારે શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ હતી, પરંતુ લાયક ઉમેદવારની અરજી મળેલ ન હોય ૪ એડહોક શિક્ષકોની નિમણૂંક કરી કુલ ૧૧ શિક્ષકોની કાયમી, હંગામી, અને મુલાકાતી શિક્ષકો મળી નિમણૂંક કાર્યભાર મુજબ કરી નિમણૂંક અને ટાઈમ ટેબલના આધાર પુરાવા રજૂ કરેલ છે. |
| ૨ | રોફેલ જી. એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, વાપી. | (૧) સંસ્થા દ્વારા ડૉ. હેમાલીબેન દેસાઈ હાજર રહયા હતા.<br>(૨) પ્રતિનિધિ ધ્વારા શિક્ષકોની નિમણૂંક ન થયેલ તે ભૂલ સ્વીકારી હતી<br>(૩) સંસ્થા દ્વારા કમપ્યૂટર સાયન્સ માટે શિક્ષકોની નિમણૂંકની પ્રક્રિયા ૨૨ જૂન ૨૦૧૪ના રોજ પૂર્ણ કરી યુનિવર્સિટીની માન્યતા માટે મોકલેલ છે જે માન્યતા યુનિવર્સિટી ધ્વારા મળેલ નથી.<br>(૪) સંસ્થા ધ્વારા જણાવ્યા મુજબ એમ. એસસી. ( કમ્પ્યૂટર એપ્લિકેશન વિષય જેવા અભ્યાસક્રમ વાપી વિસ્તારમાં બીજી કોઈ ન હોય કોલેજ ધ્વારા શિક્ષકોની નિમણૂંક પ્રકીયા પૂર્ણ થયેલ હોવાથી પ્રવેશ આપવાની વિનંતી ગ્રાહય રાખવામાં આવે. |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, (૧)શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કમ્પ્યૂટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, સુરત અને (૨) રોફેલ જી. એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, વાપીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે કુલ ૩૦ વિદ્યાર્થીઓ જ ફાળવવા. સત્વરે જરૂરિયાત મુજબ અધ્યાપકોની નિમણૂંક કરવાની રહેશે. જેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે. જો સદર સંસ્થા ખુટતા અધ્યાપકોની નિમણૂંક ન કરે તો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી ક્રમશઃ જોડાણ આપવું નહીં.**

૮. સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ, કબીલપોરમાં ચાલતા પીજી. ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમ સંસ્થા ધ્વારા તા. ૧૦–૫–૨૦૧૪ના પત્રથી ટ્રસ્ટ સંચાલિત સાઉથ ગુજરાત ઈનસ્ટી. ઓફ મેડિકલ સાયન્સ લાયન્સ ઓર્થોપેડીક હોસ્પિટલ સંકુલમાંથી કબીલપોર – ચોવીસી વિભાગ કેળવણી મંડળ કેમ્પસમાં ચાલુ કરવાની વિનંતી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૪–૫–૨૦૧૪ના ઠરાવ ક્રમાંક (૧૩) થી નિયુકત સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ વિચારણા કરવા રજૂ કરવા ઠરાવેલ હોય જે અવલોકનમાં લેતાં

(૧) નિયુકત સમિતિ ધ્વારા કોલેજ મુલાકાત બાદ નીચેની શરતોની પૂર્તતા કરવાની શરતે ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ હોય તે પર તેમજ

<u>સિન્ડિકેટ નિયુકત સ્થાનિક તપાસ સમિતિ ધ્વારા કોલેજની મુલાકાત બાદ નીચે મુજબના અવલોકનો / શરતોને ધ્યાનમાં લઈ ચાલુ જોડાણ મંજૂર કરવા ભલામણ કરેલ છે.</u>

(૧) અભ્યાસક્રમમાં હાલમાં ઉપલબ્ધ કાયમી કર્મચારીઓને છૂટા કરવા નહીં.

(૨) લેબોરેટરી, કલાસરૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે. પરંતુ કલાસરૂમમાં ઓડિયો વિઝયુઅલની વ્યવસ્થા ઉપલબ્ધ કરવી.

(૩) એડમિશન માટે ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી, યુનિવર્સિટીની મંજૂરી લઈ એડમિશન લીસ્ટ ફાઈનલ કરવું.

(૪) ઓ. ૬૯ ( એ ) અને (બી) નું યથાર્થ પાલન કરવું.

(૫) કોલેજ પાસેથી ઓછામાં ઓછા પાંચ વર્ષ સદર કોર્ષને ચાલુ રાખવા બાંહેધરી લેવી.

(૨) કબીલપોર ચોવીસી ટ્રસ્ટ ધ્વારા સાઉથ ગુજરાત ઈનસ્ટી. ઓફ મેડિકલ સાયન્સમાં ચાલતા પીજી. ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમ સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટના સ્થાને કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળના સંચાલન અને આર્થિક જવાબદારી સાથે શરૂ કરવા કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળના તા. ૧૬–૭–૨૦૧૪ના પત્રથી વિનંતી કરેલ હોય તે સ્વીકારવી કે કેમ ?

તે પર વિચારણા કરવા અંગે......

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ, નવસારીમાં ચાલતા પીજી. ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમને સાઉથ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ લાયન્સ ઓર્થોપેડીક હોસ્પિટલ સંકુલમાંથી કબીલપોર – ચોવીસી ખાતે કોલેજ તથા ટ્રસ્ટ તબદીલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલોની શરતોના પરિપાલન કરવાની તથા ચેરીટી કમિશનરશ્રીની મંજૂરી મેળવી લેવાની શરતે મંજૂરી આપવી. શરતી જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે મંજૂર કરવું.**

૯. <u>**સાયન્સ**</u> ફેકલ્ટીનાં <u>**ફિઝિક્સ**</u> વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરુચનાં એસો.પ્રોફેસર <u>ર્ડા.તોલુચુરી લીલી શંકરરાવ</u>ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / **પબ્લિકેશન્સ**નો અહેવાલ / રિપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો(**ડો.વી.એ.પાઠક ડીપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ, સરદાર પટેલ યુનિ. વલ્લભ વિદ્યાનગર** તેમજ **ડો.કે.ડી.પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ, સરદાર પટેલ યુનિ. વલ્લભ વિદ્યાનગર**)ના અહેવાલ / રિપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ/રીપોર્ટ હકારાત્મક છે, જે અવલોકનમાં લઇ જરૂરી આદેશ માટે સાદર રજુ . BUT ની તાઃ ૯-૫-૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંક ૧૧ થી ઠરાવેલ છે કે જો બન્ને અહેવાલો હકારાત્મક હોય **તો તે અનુસ્નાતક શિક્ષણ મંડળ વતી સ્વીકારવાની સત્તા માન. કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે હકારાત્મક અહેવાલ માન. કુલપતિશ્રી ધ્વારા સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય** જે એકેડમિક કાઉન્સિલ દ્વારા તેની તા.૧૩-૦૮-૨૦૧૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે મંજૂર કરેલ છે. જે મંજૂરી મુજબ <u>ર્ડા.તોલુચુરી લીલી શંકરરાવ</u>**ને** <u>સાયન્સ ફેકલ્ટીનાં ફિઝિક્સ</u>ના **વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા** વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૧૩-૦૮-૨૦૧૪, ઠરાવ ક્રમાંક : ૭</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે** <u>સાયન્સ</u> ફેકલ્ટીનાં <u>ફિઝિક્સ</u> વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા <u>ર્ડા.તોલુચુરી લીલી શંકરરાવ</u>ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લિકેશન્સના અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ/ નિર્ણાયકો (**ડો.વી.એમ.પાઠક** તેમજ **ડો.કે.ડી.પટેલ**)ના અહેવાલ/ રિપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ/ રિપોર્ટ હકારાત્મક છે, જે અવલોકનમાં લઇ જરૂરી આદેશ માટે સાદર રજુ . BUT ની તાઃ ૯-૫-૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક ૧૧ થી ઠરાવેલ છે કે જો બન્ને અહેવાલો હકારાત્મક હોય **તો તે અનુસ્નાતક શિક્ષણ મંડળ વતી સ્વીકારવાની સત્તા માન. કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે હકારાત્મક અહેવાલ માન. કુલપતિશ્રી ધ્વારા સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય** <u>ર્ડા.તોલુચુરી લીલી શંકરરાવ</u>**ને** <u>સાયન્સ ફેકલ્ટીનાં ફિઝિક્સ</u> વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮–૨૦૧૪ની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૭નો યથાવત સ્વીકાર કરી ડૉ.તોલુચુરી લીલી શંકરરાવ, એસોસિયેટ પ્રોફેસર, નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરૂચને સાયન્સ ફેકલ્ટીના ફિઝિકસના વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૧૦. રાજા નારાયણલાલ પીત્તી બી.એડ્. કોલેજ ઓફ એજ્યુકેશન ફોર વિમેન્સ, વડોદરાને શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની જોડાણ નહી આપવાની ભલામણ સિન્ડિકેટે યથાવત સ્વીકારેલ છે. તદ્નુસાર રાજય સરકારના શિક્ષણ વિભાગને સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટે જોડાણ નહીં આપવાની ભલામણ કરવામાં આવતાં, યુનિવર્સિટી કયાં સંજોગોમાં પ્રસ્તુત કોલેજને નવું જોડાણ મંજૂર કરવા માંગતી નથી તેની વિગતવાર સ્પષ્ટતા કરવા ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના સેકશન અધિકારીશ્રીએ તેમના તા.૧૭–૫–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોધઃ–

(૧) એકેડેમિક કાઉન્સિલની તા.૫–૪–૨૦૧૩ ભલામણ ક્રમાંકઃ (૧૨૯) થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજા નારાયણલાલ પિત્તી કોલેજ ઓફ એજયુકેશન ફોર વુમન (બી.એડ્), પંડિત આત્મારામ માર્ગ જૈન દેરાસર સામે, જીવનભારતી સ્કુલ, ચાર રસ્તા, કારેલી બાગ, વડોદરાની સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં પ્રસ્તુત કોલેજનું સ્થળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રનાં વિસ્તાર બહાર હોવાથી આ સ્વનિર્ભર બી.એડ. કોલેજને જોડાણ નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૨) સિન્ડિકેટની તા.૨૦–૫–૨૦૧૩ ભલામણ ક્રમાંકઃ (૩૯) થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજા નારાયણલાલ પિત્તી કોલેજ ઓફ એજયુકેશન ફોર વુમન (બી.એડ્), પંડિત આત્મારામ માર્ગ જૈન દેરાસર સામે, જીવનભારતી સ્કુલ, ચાર રસ્તા, કારેલી બાગ, વડોદરાની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૫–૪– ૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨૯ અન્વયે સિન્ડિકેટને કરવામાં આવેલ ભલામણનો સ્વીકાર કરી બી.એડ્. (સ્વનિર્ભર) અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ:૨૦૧૩ – ૨૦૧૪નું નવું જોડાણ આપવું નહીં)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધારાની કલમ ૫ અનુસાર રાજા નારાયણલાલ પીત્તી બી.એડ્. કોલેજ ઓફ એજયુકેશન ફોર વિમેન્સ, વડોદરા આ યુનિવર્સિટીના**

**કાર્યક્ષેત્ર બહાર હોવાથી સિન્ડિકેટે જોડાણ આપેલ નથી તેવું રાજય સરકારશ્રીને જણાવવું.**

૧૧. શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, પરવટગામ, સુરતના નામાનાં મૂળતત્વો વિષયના વ્યાખ્યાતાશ્રી સુરેશકુમાર એ. ફણસીયાની તા.૧૬–૦૪–૨૦૧૪ તથા તા.૦૨/૦૫/૨૦૧૪ના પત્રથી સિન્ડિકેટની તા.૨૨–૦૨–૨૦૧૪ની બાબત ક્રમાંકઃ (૭૮) થી એક વર્ષનું એક્ષટેન્શન સંસ્થાને નેટ/ સ્લેટ/ પીએચ.ડી. અધ્યાપક ન મળે ત્યાં સુધી (બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી આપવા કરેલ ઠરાવમાં ફેરવિચારણા કરી એક વર્ષનું એક્ષટેન્શન વિના કોઈ શરતે આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત..

**(<u>નોંધ:</u>**

**(૧)** <u>સિન્ડિકેટની તા. ૦૭–૧૦–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૭) થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જેને યુનિવર્સિટીએ પાંચ વર્ષ પૂર્ણ કરવાની શરતે નિમણૂંક આપી હોય તેવા તમામને આઠ વર્ષ સુધીની મુદત વધારી આપવી અને આઠ વર્ષમાં પણ શિક્ષકો નેટ/ સ્લેટ/ પીએચ.ડી.ની લાયકાત પૂર્ણ ન કરે તો કેસ ટુ કેસ મેટર સિન્ડિકેટમાં રજૂ કરવી.**

**(૨)** <u>સિન્ડિકેટની તા. ૨૨–૦૨–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૭૮)થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રા. સુરેશ ફણસીયા અને કુ. પારૂલ પંડયાને વધુ એક વર્ષનું એક્ષટેન્શન સંસ્થાને નેટ/ સ્લેટ/ પીએચ.ડી. અધ્યાપક ન મળે ત્યાં સુધી (બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી) આપવું.**

**(૩)** **શ્રી સુરેશકુમાર એ. ફણસીયાએ નામદાર ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, અપીલ નં. ૩૧૬/ ૨૦૧૪થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને અન્ય વિરુધ્ધ અપીલ દાખલ કરેલ છે.)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, પરવટગામ, સુરતના અધ્યાપક શ્રી સુરેશકુમાર એ. ફણસીયાની મેટર સબજયુડીશ હોય તેની નોંધ લઈ હાલ કશું કરવું નહીં.**

૧૨. જયદીપ મેમોરીયલ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતના વ્યાખ્યાતા કુ. પારૂલ પંડયાને સંસ્થા તરફથી તેમને કોલેજમાં ફરજ બજાવવા માટે હાજર ન થવા સંદર્ભે સદર વ્યાખ્યાતાએ તેમના તા. ૦૫–૦૭–૨૦૧૪ તથા તા. ૨૨–૦૭–૨૦૧૪ના પત્રથી ફરીયાદ કરેલ, જે સંદર્ભે અત્રેની તા.૨૪–૭–૨૦૧૪ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ અત્રેના તા. ૨૫–૭–૨૦૧૪ના પત્રાંકઃ એસ(૧)/ ૯૦૧૩/ ૨૦૧૪થી સંસ્થાના ટ્રસ્ટીશ્રી, ઈ.ચા.આચાર્યશ્રી તથા કુ. પારૂલ પંડયાને તા.૩૦–૭–૨૦૧૪ના રોજ બપોરે ૪:૦૦ કલાકે આધારા પુરાવા સહિત રજૂઆત અંગે રૂબરૂમાં કુલસચિવશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સંદર્ભે સંસ્થાના ચેરમેનશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ તથા કુ. પારૂલ પંડયા તા. ૩૦–૭–૨૦૧૪ના રોજ હાજર રહેલ અને તેઓની રજૂઆતો કરેલ. ચર્ચા વિચારણાને અંતે તે સંદર્ભે કુલસચિવશ્રી દ્વારા તેમને મૌખિકમાં જણાવવામાં આવેલ કે, આ સંદર્ભે તમારી જે રજૂઆતો હોઈ, તે લેખિતમાં બે દિવસમાં કુલસચિવશ્રીને આપવાનું જણાવતાં <u>સદર બાબતે જયદીપ મેમોરીયલ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેનશ્રી/ મંત્રીશ્રીના તા. ૧/૮/૨૦૧૪ના પત્ર (પત્રની મૂળ નકલ સામેલ છે.)થી લેખિતમાં તેઓની રજૂઆતો કરેલ છે. તથા સદર બાબતે વ્યાખ્યાતા પારૂલ ડી. પંડયાએ તેમના તા. ૩૧–૭–૨૦૧૪ના પત્ર (પત્રની મૂળ નકલ સામેલ છે.) થી લેખિતમાં તેમની રજૂઆતો કરેલ છે.</u>

<u>ઉપરોકત જયદીપ મેમોરીયલ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેનશ્રી/ મંત્રીશ્રીની તથા વ્યાખ્યાતા પારૂલ ડી. પંડયાની લેખિત રજૂઆતો પર વિચારણા કરવા બાબત.</u>

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જયદીપ મેમોરીયલ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતના કુ. પારૂલ પંડયાના ૮ વર્ષ પૂંણ થયા હોય અને નિમણુંકની શરત પરિપૂર્ણ કરેલ ન હોવાથી સદર પ્રાધ્યાપિકાને છુટા કરવાની કાર્યવાહી કરવા સંસ્થાને જણાવવું.**

૧૩. ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ એન્ડ ધ સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઉધનામાં એકાઉન્ટન્સી વિષયનાં વ્યાખ્યાતા સુષ્મા બી. કુશવાહની તા. ૨૨–૦૭–૨૦૧૪ના પત્રથી, તેમને નેટ/ સેટ અથવા એમ.ફીલ/ પીએચ.ડી. પરીક્ષા પાસ કરવાની શરતે નિમણૂંક આપેલ હોઈ, તેમને શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૪–૧૫માં એમ.ફીલ.માં પ્રવેશ મળેલ છે. તેથી તેમની નિયુકત યથાવત રાખવા, કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ (૧) <u>સિન્ડિકેટની તા. ૭–૧૦–૨૦૧૩ની સભાના બાબત ક્રમાંકઃ(૬૭)થી ઠરાવ્યા મુજબ.</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જેને યુનિવર્સિટીએ પાંચ વર્ષ પૂર્ણ કરવાની શરતે નિમણૂંક આપી હોય તેવા તમામને આઠ વર્ષ સુધીની મુદ્દત વધારી આપવી અને આઠ વર્ષમાં પણ શિક્ષકો નેટ/ સ્લેટ/ પીએચ.ડી.ની લાયકાત પૂર્ણ ન કરે તો કેસ ટુ કેસ મેટર સિન્ડિકેટમાં રજૂ કરવી.

**<u>(૨) સિન્ડિકેટની તા. ૨૨–૨–૨૦૧૪ની સભાના બાબત ક્રમાંકઃ (૭૭)થી ઠરાવ્યા મુજબ.</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, (૧) શ્રીમતી સુષ્મા બી. કુસવાહની, (૨) શ્રીમતી જલ્પા પી. પંડયા અને (૩) કુ. લતા આર. પરમારને વધુ એક વર્ષનું એક્ષટેન્શન સંસ્થાને નેટ/ સ્લેટ/ પીએચ.ડી. અધ્યાપક ન મળે ત્યાં સુધી (બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી) આપવું.

(૩) ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ, ઉધનાના પ્રમુખશ્રીના તા.૮–૫–૨૦૧૪ના પત્રાંકઃ **UAET/ 11/ 2014-2015** થી પ્રા. સુષ્માબહેન બી. કુશવાહને, કોલેજમાં અધુરી લાયકાત સાથે શરતી નિમણૂંક પામેલા અધ્યાપકો પૈકી શરત પૂર્ણ કરવા માટે વધારવામાં આવેલ અવધીમાં પણ શરત પૂર્ણ ન કરનાર અધ્યાપકોને, છુટા કરવા અંગે પત્ર પાઠવેલ હતો.

(૪) અત્રેના તા.૧૭–૭–૨૦૧૪ના પત્રાંકઃ **PG/ M.Phil./ M.H.R.D./ 8566/ 2014**થી સુષ્મા ભુપેન્દ્ર કુશવાહને એમ.એચ.આર.ડી. વિષયમાં એમ.ફીલ.માં એડમીશન માટેનો પત્ર પાઠવવામાં આવેલ છે તથા તે મુજબ તેમણે સદર પ્રવેશ અંગેની જરૂરી ફી પણ ભરેલ છે.

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ એન્ડ ધ સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઉધનામાં એકાઉન્ટન્સી વિષયના વ્યાખ્યાતા સુષ્મા બી. કુશવાહના ૮ વર્ષ પૂણ થયા હોય ઠરાવ નં. ૧૨ મુજબ સદર પ્રાધ્યાપિકાને છુટા કરવાની કાર્યવાહી કરવા સંસ્થાને જણાવવું.**

**(નોંધ : ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ, શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત, શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય તથા મેજર ઉન્મેષભાઈપંડયાએ સદર બાબતે વાંધો રજૂ કરેલ છે.)**

૧૪. યુનિવર્સિટી સંલગ્ન નવનિર્માણ સાયન્સ કોલેજ, ભરથાણા, વેસુ, સુરતનું સંસ્થાની સૂચના મુજબ નીચે મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત કોલેજના સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૭–૭–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

| કોલેજનું હાલનું નામ | કોલેજનું નવું નામ | સ્વનિર્ભર અભ્યાસક્રમ |
|---|---|---|
| નવનિર્માણ સાયન્સ કોલેજ, ડી.સી. પટેલ નવનિર્માણ એજયુકેશનલ કેમ્પસ, ન્યુ સીટી લાઈટ રોડ, ભરથાણા, વેસુ, સુરત | જમનાબેન નરોત્તમભાઈ મોતીરામ પટેલ સાયન્સ કોલેજ, ડી.સી.પટેલ નવનિર્માણ એજયુકેશનલ કેમ્પસ, ન્યુ સીટી લાઈટ રોડ, ભરથાણા, વેસુ, સુરત | બી.એસસી. (કેમીસ્ટ્રી અને મેથ્સ) |

**(નોંધ :** (૧) સદરહું સંસ્થાએ કોલેજનું નામ બદલવા માટે જરૂરી ફીની રકમ રૂા.૨૫૦૦૦/– નો ચેક યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાં જમા કરાવ્યો છે.

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન નવનિર્માણ સાયન્સ કોલેજ, ભરથાણા, વેસુ, સુરતનું ઉપરોકત મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત કોલેજના સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૭–૭–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતીનો સ્વીકાર કરી નવા નામની મંજૂરી આપવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે તે સંસ્થાને લાગુ પડતી એપેક્ષ બોડી હોય ત્યાં તેની મંજૂરી લેવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.**

૧૫. યુનિવર્સિટી સંલગ્ન વિમલ ટોરમલ પોદ્દાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, પાંડેસરા, સુરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. બી. એ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાને કારણે સદર ટ્રસ્ટના સેક્રેટરીશ્રીએ તેમના તા.૩૧–૭–૨૦૧૪ના પત્રથી સદર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને બીજી કોલેજમાં સમાવવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વિમલ ટોરમલ પોદ્દાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, પાંડેસરા, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. બી. એ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાને કારણે સદર ટ્રસ્ટના સેક્રેટરીશ્રીએ તેમના તા.૩૧–૭–૨૦૧૪ના પત્રથી સદર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને બીજી કોલેજમાં સમાવવા કરેલ વિનંતી સંદર્ભે તપાસ સમિતિ નિમવી અને તપાસ સમિતિ નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.ડ઼**

૧૬. યુનિવર્સિટી સંલગ્ન વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુર, જિ઼ઃવલસાડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ની જોડાણ અરજીના સંદર્ભમાં અભ્યાસક્રમ બી.આર.એસ.નું ચાલુ જોડાણ મેળવવા કરેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ના રોજ મળેલ સભાની કાર્યવાહીને બહાલી આપતી વેળાએ ઠરાવ ક્રમાંક (૨૦૨) અંગે સિન્ડિકેટની તા.૨૨–૨–૨૦૧૪ ના રોજ થયેલ સુધારા મુજબ બી.આર.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશો સ્થગિત કેમ ન રાખવા તેનો ખુલાસો પૂછવો અને ટ્રસ્ટીઓને આગામી સિન્ડિકેટ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેવા સિન્ડિકેટની તા.૧૪–૫–૨૦૧૪ ના રોજ સભા સમક્ષ બપોરે ૩ઃ૦૦ કલાકે હાજર રહેવાનું જણાવતાં, સદર ટ્રસ્ટીશ્રી સભા સમક્ષ હાજર રહેલ તે અંગે વિચારણા કરી સિન્ડિકેટે તેની તા.૧૪–૫–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૫) અન્વયે, સદર કોલેજના ઈ.ચા આચાર્યએ તેમના તા.૯–૭–૨૦૧૪ ના પત્રથી મોકલેલ PTR ના દાખલા ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :(૧) સિન્ડિકેટે તેની તા.૧૪–૫–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૫) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુર, જિ : વલસાડમાં અભ્યાસક્રમ બી.આર.એસ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટેનું ચાલુ જોડાણની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ સમક્ષ રૂબરૂ હાજર રહેવાનું જણાવતાં ટ્રસ્ટીશ્રી શ્રીનિવાસ રાવ હાજર રહ્યા હતા અને સભામાં ચર્ચા થયા મુજબ તમામ બાબતોની પૂર્તતા / પરિપાલન દિન–૭માં બાંહેધરી કુલસચિવને મોકલી આપવા સંમતી આપેલ હતી બાંહેધરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવી તથા ટ્રસ્ટી શ્રી નિવાસ રાવ અધિકૃત ટ્રસ્ટી છે તેવો PTR નો દાખલો/ પત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવાનો રહેશે.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુર, જિ઼ઃવલસાડના ટ્રસ્ટ સંદર્ભે ચેરીટી કમિશનરશ્રીના PTRના દાખલામાં દર્શાવેલ અધિકૃત ટ્રસ્ટીઓ સાથે જ યુનિવર્સિટીએ પત્રવ્યવહાર તથા વહીવટ કરવો.**

૧૭. એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ આર્ટસ અને કોમર્સનું કાયમી જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૪–૦૫–૨૦૧૪ ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૩૪) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩–૮–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.કોમ. અને બી.એ. | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૦૮ થી તા.૧૪–૬–૨૦૧૪ |

**<u>શરતો / ભલામણ:</u>**

૧. રાજય સરકાર દ્વારા કોલેજનું વર્ષ ૧૯૯૮ સુધીનું જોડાણ મંજૂર કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વર્ષ ૧૯૯૮ થી ૨૦૦૭ સુધીનું જોડાણ મંજૂર કરવાની ભલામણ રાજય સરકારને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે પરંતુ રાજય સરકાર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ થયેલ નથી તેથી તે પ્રસિધ્ધ કરવા માટે સરકારને સ્મૃતિપત્ર તાકીદે લખવા સમિતિ ભલામણ કરે છે.

૨. વર્ષ ૨૦૧૩–૧૪ પૂર્ણ થયેલ છે તેથી (યુનિવર્સિટીને ૧૯૯૮ થી ૨૦૦૭ ઉપરાંત) ૨૦૦૮ થી ૨૦૧૪ સુધીનું જોડાણ મંજૂર કરવાની ભલામણ સરકારને કરવા સમિતિ ભલામણ કરે છે.

૩. વર્ષ ૨૦૧૪–૧૫ થી કાયમી જોડાણ માટેની અરજી કોલેજ દ્વારા કરવી. તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની સમિતિ ભલામણ કરે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૮–૨૦૧૪ની ભલામણ ક્રમાંક : ૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીની નીચે દર્શાવેલ વિગતે અભ્યાસક્રમ આર્ટસ અને કોમર્સનું કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૪–૦૫–૨૦૧૪ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૩૪) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં દર્શાવેલ શરતો સ્વીકારીને તે શરતોને આધિન બી.કોમ. અને બી.એ. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.કોમ. અને બી.એ. | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૦૮ થી તા.૧૪–૬–૨૦૧૪ |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીનું ઉપરોકત દર્શાવેલ વિગતે અભ્યાસક્રમ આર્ટસ અને કોમર્સનું કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૪–૦૫–૨૦૧૪ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૩૪) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩–૮–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન બી.કોમ. અને બી.એ. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૧૮. સિન્ડિકેટની તા.૦૩/૦૨/ ૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૧માં નકકી થયા મુજબ વિવિધ પરીક્ષાઓનાં સંચાલન માટેનાં પરીક્ષા વિભાગનાં તા.૧૭/૦૨/૨૦૧૪નાં પરિપત્ર ક્રમાંકઃએકઝામ/એ/૧૩૫૫/ ૨૦૧૪માં પરીક્ષાઓનાં સેમેસ્ટરના દરેક તબકકે કુલ નોંધાયેલી વિદ્યાર્થીઓની સંખ્યાને ઘ્યાનમાં રાખી વિદ્યાર્થી દીઠ સર્વગ્રાહી મહેનતાણાનાં દરો ચૂકવવા બાબતે " નોંધ"માં જણાવેલ " વાસ્તવિક ખર્ચ જો સદર રકમથી વધે તો તે ચૂકવવો " તેના સ્થાને વિદ્યાર્થી દીઠ મળવાપાત્ર રકમ તથા થયેલ ખર્ચ પૈકી બે માંથી જે ઓછી રકમ હોય તે ચૂકવવા બાબતે વિચારણા કરવા બાબત……

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે વાસ્તવિક ખર્ચ ચૂકવવો.**

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ચલાવવામાં આવતાં M.Sc. (I.T.) સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પાંચ વર્ષીય કરાર આધારિત NET/SET/Ph.D. પસાર કરવાની શરતે Assistant Professor તરીકે અંગ્રેજી વિષય માટે નિમણૂંક પામેલ શ્રીમતી દિલબર મહેતા તા.૧૯–૮–૨૦૦૬ થી ફરજ બજાવતાં હોય તેણીના પાંચ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં NET/SET/PhD પસાર ન કરતાં વધુ ૩ વર્ષનો સમય લંબાવવામાં આવેલ જે આગામી તા.૧૮–૮–૨૦૧૪ના રોજ પૂર્ણ થનાર હોય, તેઓ દ્વારા આજદિન સુધી NET/SET/Ph.D. પસાર કરવામાં આવેલ નથી પરંતુ તેણીએ જાન્યુઆરી–૨૦૧૪માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં Ph.D. પ્રવેશ મેળવેલ હોય જે પૂર્ણ થાય ત્યાં સુધીનો સમય લંબાવવા તા.૧–૭–૨૦૧૪ના પત્રથી તેણીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ચલાવવામાં આવતાં** M.Sc. (I.T.) **સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પાંચ વર્ષીય કરાર આધારિત** NET/SET/Ph.D. **પસાર કરવાની શરતે** Assistant Professor **તરીકે અંગ્રેજી વિષય માટે નિમણૂંક પામેલ શ્રીમતી દિલબર મહેતાએ આઠ વર્ષમા પણ શરતની પૂર્તતા કરેલ ન હોવાથી નિયમાનુસાર છૂટા કરવાની કાર્યવાહી કરવી.**

૨૦. યુનિવર્સિટીના વિવિધ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના વર્ષ માટે કેન્દ્રિય ધોરણે ઓનલાઈન કમ્પ્યૂટરાઈઝડ પ્રવેશ પ્રક્રિયા અંગે ટેન્ડર ડિઝાઈન કરી ઘટતી કાર્યવાહી કરવા સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા** ERP Solution**ની પ્રક્રિયા ચાલુ હોવાથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ – ૧૬થી કેન્દ્રિય ધોરણે ઓનલાઈન પ્રવેશો કરવા અંગેના ટેન્ડરો ડિઝાઈનની કાર્યવાહી હાલ મુલતવી રાખવી.**

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શ્રી જી.સી.પટેલ ઈન્સ્ટીટયુટ ખાતે ચલાવવામાં આવતાં બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન સ્વનિર્ભર અભ્યાસક્રમમાં દર વર્ષે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, હાલ કુલ ૨૧૧ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે માત્ર એક જ આસીસ્ટન્ટ પ્રોફેસર કાયમી ધોરણે અને ત્રણ એડહોક ધોરણે કુલ ચાર શિક્ષકો ફરજ બજાવે છે. દર ૧૫ વિદ્યાર્થીઓએ ૧ શિક્ષક મુજબ ૧૪ શિક્ષકોની જરૂરિયાત હોય તેમ જણાવી શ્રી જી.સી.પટેલ ઈન્સ્ટીટયુટના ઓનેરરી ડાયરેકટરશ્રી, પ્રા આર.ડી. દેસાઈના તા.૨૫–૭–૨૦૧૪ના પત્રથી નીચે દર્શાવ્યા મુજબ મંજૂર મહેકમ અંતર્ગત વધારાની શૈક્ષણિક જરૂરિયાત ઘ્યાને લઈ મંજૂર થયેલ જગાઓ સહિત વિવિધ ૧૪ શૈક્ષણિક જગાઓ મંજૂર કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| બી.આઈ.ડી. સ્વનિર્ભર પોસ્ટ | મંજૂર થયેલ જગા | ભરાયેલ જગા | વધારાની જરૂરીયાત | કુલ જગાઓ |
|---|---|---|---|---|
| પ્રોફેસર | ૧ | –– | –– | ૧ |
| એસોસિયેટ પ્રોફેસર | ૧ | –– | ૧ | ૨ |
| આસિસ્ટન્ટ પ્રોફેસર | ૨ | ૧ | ૯ | ૧૧ |
| **કુલ** | **૪** | **૧** | **૧૦** | **૧૪** |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી જી.સી.પટેલ ઈન્સ્ટીટયુટના ઓનેરરી ડાયરેકટરશ્રી, પ્રા. આર.ડી. દેસાઈના તા.૨૫–૭–૨૦૧૪ના પત્રથી ઉપરોકત દર્શાવ્યા મુજબ મંજૂર મહેકમ અંતર્ગત વધારાની શૈક્ષણિક જરૂરિયાત ઘ્યાને લઈ મંજૂર થયેલ જગાઓ સહિત વિવિધ ૧૪ શૈક્ષણિક જગાઓ મંજૂર કરવા કરેલ વિનંતીનો સ્વીકાર કરવો.**

૨૨. યુનિવર્સિટી કેમ્પસ ઉપર ચાલતા નવા બિલ્ડીગોના બાંધકામમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને નામંજૂર કરવી.**

૨૩. મા. સાંસદસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ખરીદવામાં આવેલી યુનિવર્સિટીની બસને ભાડે આપવા માટે સુરત મહાનગર પાલિકાના સીટી બસ સેવાના કોન્ટ્રાકટર રેઈન્બો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રા. લી.ની પ્રપોઝલ (ઓફર) ઉપર વિચારણા કરવા બાબત.

નોંધઃ- (૧) કોન્ટ્રાકટર દ્વારા પ્રતિમાસ રૂ.૨૦,૦૦૦/- ભાડા પેટે યુનિવર્સિટીને આપવાનું જણાવેલ છે.

(૨) કોન્ટ્રાકટર દ્વારા આપવામાં આવેલ ઓફરમાં ડ્રાઈવર, કન્ડકટર, ડિઝલ, ઈન્સ્યોરન્સ તથા મેઈન્ટેનન્સ વિગેરેની જવાબદારી તેમના ભાગે રહેશે તેમ જણાવેલ છે.

* (૩) <u>બસ કોન્ટ્રાકટર વિદ્યાર્થીઓ પાસેથી કેટલું ટીકીટના દર પેટે ભાડું વસુલશે તે જણાવેલ નથી. તે અંગે વિચારવાનું રહે છે.</u>

(૪) ઓફર આપનાર કોન્ટ્રાકટર રેઈન્બો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સને સુરત મહાનગર પાલિકા દ્વારા ટેન્ડરો મંગાવી આ કંપનીની આર્થિક સધ્ધરતા, માન્યતા, તેમની આ પ્રકારના કામ કરવાના અનુભવ અને ક્ષમતાને ઘ્યાનમાં લઈ તેમને યુનિવર્સિટી તરફથી સીધો કોન્ટ્રાકટ આપવા અંગે વિચારવાનું રહે.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર પ્રપોઝલ બાબતે સુરત મહાનગર પાલિકાના સીટી બસ સેવાના કોન્ટ્રાકટર RAINBOW TOURS & TRAVELS PVT. LTD, Surat સાથે MoU કરવું અને તેમના તરફથી મળેલ પત્રને ઘ્યાનમાં લેવો અને MoU પ્રમાણેનો અમલ કરવો તથા ભાડા પેટે શબ્દની જગ્યાએ MoU શબ્દ પ્રયોગ કરવો.**

૨૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે માનનીય કુલપતિશ્રીની ગાડી ઉપર હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી ઠાકોરભાઈ એચ. પ્રજાપતિની પગાર વધારા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે માનનીય કુલપતિશ્રીની ગાડી ઉપર હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ડ્રાઈવર શ્રી ઠાકોરભાઈ એચ. પ્રજાપતિને પગાર રૂા.૧૫,૦૦૦/– ચાલુ માસથી ચુકવવો તેમજ યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ દિવસ ઉપરાંત રાત્રે તેમજ રજાઓના દિવસે પણ ફરજ બજાવવાની રહેશે.**

૨૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના કોમર્સ ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડિનેટરશ્રીના પત્ર મુજબ કોમર્સ ડિપાર્ટમેન્ટ માટે અલગ ભવન બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ડિપાર્ટમેન્ટ (M.Com.પ્રોગ્રામ) માટે અલગ ભવન બાંધવા અંગે યુ. જી. સી.માં દરખાસ્ત કરવી.**

૨૬. યુનિવર્સિટી બોઈઝ હોસ્ટેલ ખાતે મેસ ચલાવતા જય હનુમાન રેસ્ટોરન્ટ એન્ડ કેટરર્સ (ભીખાલાલ મગનલાલ પંડયા) તરફથી મળેલ પત્રો અંતર્ગત વિદ્યાર્થીઓની ફરીયાદો તેમજ મેસ ન ચલાવવા અને ડિપોઝીટ પરત મેળવવા કરેલ ભલામણ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

(બોઈઝ હોસ્ટેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી બોઈઝ હોસ્ટેલ ખાતે મેસ ચલાવતા જય હનુમાન રેસ્ટોરન્ટ એન્ડ કેટરર્સ (ભીખાલાલ મગનલાલ પંડયા) તરફથી મળેલ પત્રો અંતર્ગત વિદ્યાર્થીઓની ફરીયાદો તેમજ મેસ ન ચલાવવા અને ડિપોઝીટ પરત મેળવવા બાબતે ત્રણ માસ સુધીમાં સદર મેસ કોન્ટ્રાકટ રદ કરવો ત્યાર બાદ નિયમાનુસાર ડિપોઝીટ પરત કરવી અને સત્વરે ટેન્ડરીંગની કાર્યવાહી હાથ ધરવી બંન્ને હોસ્ટેલમાંથી મળેલ ફરિયાદ બાબતે હોસ્ટેલ બોર્ડને ચકાસણીની કામગીરી સોંપવી.**

૨૭. સરકારી મહિલા આર્ટસ કોલેજ ઉચ્છલમાં મહિલાઓ માટેની વિનયન કોલેજ હોવા છતાં, કોલેજમાં કન્યાઓ ઉપરાંત કુમારને પણ પ્રવેશ આપવા જાહેરહિતમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના શ્રેયાન અધિક્ષકશ્રીના તા.૧–૭–૨૦૧૪ ના પત્રાંકઃ મકમ/ESC4/201/2616-19 થી સૂચના આપવામાં આવેલ છે. જેની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: **ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના શ્રેયાન અધિક્ષકશ્રીના તા.૧–૭–૨૦૧૪ ના પત્રાંકઃ મકમ/ESC4/201/2616-19ની નોંધ લીધી.**

૨૮. યુનિવર્સિટી સંલગ્ન સુરત મ્યુનસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ, સુરતને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર, ન્યુ દિલ્હીના ભારત સરકારના નાયબ સચિવશ્રીએ તેમના તા.૨૫–૬–૨૦૧૪ના જાહેરનામાથી ૨૦૧૪ થી પાંચ વર્ષ માટે ૧૦૦ થી વધારીને ૧૫૦ બેઠકોને મંજૂરી આપી છે. જેની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: **ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર, ન્યુ દિલ્હીના ભારત સરકારના નાયબ સચિવશ્રીના તા.૨૫–૬–૨૦૧૪ના જાહેરનામાની નોંધ લીધી.**

૨૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સી.એન. પરમાર બી.એડ્.કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું જોડાણ અરજીના સંદર્ભમાં યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા.૨૨–૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ ૯૯ અન્વયે સદરહું કોલેજનું જોડાણ એક વર્ષ માટે સ્થગિત કરવું તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે વિદ્યાર્થીઓ ફાળવવા નહીં જેવા વિવાદ / મતમેદ ઉપસ્થિત થતા સદરહુ કોલેજ દ્વારા નામદાર હાઈકોર્ટમાં ઉપરોકત પીટીશન દાખલ કરેલ છે. સદરહુ બાબતે નામદાર હાઈકોર્ટના તા.૧૪–૭–૨૦૧૪ ના ઓર્ડર / હુકમની નકલ આ સાથે સામેલ છે. જેની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: **સી.એન. પરમાર બી.એડ્.કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું જોડાણઅરજીના સંદર્ભમાં નામદાર હાઈકોર્ટના તા.૧૪–૭–૨૦૧૪ના ઓર્ડર/હુકમની નોંધ લીધી તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

**વધુમાં N.C.T.E.ને સદર સંસ્થાની શરતોની અપૂર્તતા (Non-Compliance) ની જાણ કરવી.**

૩૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સી.એન. પરમાર બી.એડ્.કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું જોડાણ અરજીના સંદર્ભમાં યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા.૨૨–૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ ૯૯ અન્વયે સદરહું કોલેજનું જોડાણ એક વર્ષ માટે સ્થગિત કરવું તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે વિદ્યાર્થીઓ ફાળવવા નહીં જેવા વિવાદ / મતમેદ ઉપસ્થિત થતા સદરહુ કોલેજ દ્વારા નામદાર હાઈકોર્ટમાં ઉપરોકત પીટીશન દાખલ કરેલ છે. સદરહુ બાબતે નામદાર હાઈકોર્ટના તા.૧૪–૭–૨૦૧૪ ના ઓર્ડર / હુકમના અનુસંધાનને સદરહુ બાબતે યુનિવર્સિટીના એડવોકેટશ્રી ધવલભાઈ દવેનો તા.૨૬–૭–૨૦૧૪ નો અભિપ્રાય આ સાથે સામેલ છે. જેની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: **સી.એન. પરમાર બી.એડ્.કોલેજ, કોલક, તા.પારડી, જિઃ વલસાડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું જોડાણઅરજીના સંદર્ભમાં એડવોકેટશ્રી ધવલભાઈ દવેનો તા.૨૬–૭–૨૦૧૪ના અભિપ્રાયની નોંધ લીધી.**

૩૧. યુનિવર્સિટી કાર્યાલયમાં તારીખ : ૦૮–૦૮–૨૦૧૪નાં રોજ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ માટેની સ્ટેન્ડીગ કમિટિ મળેલ સભાની કાર્યવાહી પર નોંધ લેવા બાબત.

(એસસી/ એસટી. સેલ)

:: **યુનિવર્સિટી કાર્યાલયમાં તારીખઃ૦૮–૦૮–૨૦૧૪નાં રોજ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ માટેની સ્ટેન્ડીંગ કમિટિ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લીધી.**

૩૨. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં હંગામી ધોરણે જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા (૧) દિપકભાઈ ઠાકોરભાઈ પટેલ (૨) પ્રશાંત રમેશચંદ્ર પારેખ (૩) સતીષ રામજીભાઈ પટેલ અને (૪) રશ્મી નરોત્તમભાઈ પટેલ દ્વારા ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલમાં કરવામાં આવેલ અપીલ નં.૧૫/૧૨, ૧૭/૧૨, નવો ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલમાં અરજી નં.૨૭,૨૮,૨૯ અને ૩૦/૨૦૧૪ અંતર્ગત નામદાર ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદના તા.૩૧/૭/૨૦૧૪ના હુકમ અનુસાર ઘટતી કાર્યવાહી કરવામાં આવેલ છે જેની નોંધ લેવા બાબત...

(વહીવટી)

:: **યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં હંગામી ધોરણે જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા (૧) દિપકભાઈ ઠાકોરભાઈ પટેલ (૨) પ્રશાંત રમેશચંદ્ર પારેખ (૩) સતીષ રામજીભાઈ પટેલ અને (૪) રશ્મી નરોત્તમભાઈ પટેલ કર્મચારીઓના સંદર્ભમાં નામદાર ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદના તા.૩૧/૭/૨૦૧૪ના હુકમની નોંધ લીધી.**

**માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.**

૩૩. યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગો તથા અનુસ્નાતક ભવનોમાં રાખવામાં આવેલ ઝેરોક્ષ / ડુપ્લો મશીન જાળવણીનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરવા અંગે સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૭૪ અને નાણાં સમિતિની તા.૨૪/૬/૨૦૧૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૮ થી મે. એચ.સી.એલ. સર્વિસીસ લિમિટેડ, સુરતને તા.૨૮/૨/૨૦૧૪ થી તા.૨૭/૨/૨૦૧૫ સુધી એક વર્ષ માટે રેટ કોન્ટ્રાકટ કરવા ઠરાવવામાં આવેલ હતું. જે તા.૨૫/૦૬/૨૦૧૪ની સિન્ડિકેટની સભામાં ઉપરોકત ઠરાવ યથાવત સ્વિકારવામાં આવતા મે.એચ.સી.એલ. સર્વિસીસ લિમિટેડ, સુરતે તા.૨૮/૨/૨૦૧૪ થી તા.૨૭/ ૨/ ૨૦૧૫ એક વર્ષ માટે કરતા ૫ (પાંચ) માસ જેટલો સમય ગાળો વીતી ગયેલ હોવાથી કાર્યાલયની તા.૧૦/૭/૨૦૧૪ ની નોંધ પર મા.કુલપતિશ્રીએ આપેલ આદેશઅનુસાર યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગો તથા અનુસ્નાતક ભવનોના ઝેરોક્ષ / ડુપ્લો મશીનનો વાર્ષિક જાળવણી કરાર (AMC) કરવા અંગે કાર્યાલયના ક્રમાંક : જન/સ્ટોર્સ/ઝેરોક્ષ/૮૫૦૪/૨૦૧૪, તા.૧૬/૭/૨૦૧૪ થી રેટ કોન્ટ્રાકટનો સમય ઓર્ડર આપ્યાથી એક વર્ષ સુધીનો રાખવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૪. યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનો તથા વહીવટી વિભાગોની તમામ ટપાલો જેવી કે સાદી પોસ્ટ, રજી. એ.ડી., પાર્સલ, સ્પીડ પોસ્ટ અને એર મેઈલ સ્પીડ પોસ્ટ વગેરે યુનિવર્સિટીના રવાનગી વિભાગ દ્વારા ફ્રેંકીન્ગ કરી સરકારી પોસ્ટ ઓફીસ દ્વારા રવાના કરવામાં આવે છે. સદર ફ્રેંકીન્ગ મશીનમાં હાલમાં કરવામાં આવતું રૂા.૨,૫૦,૦૦૦/– નું બેલેન્સ એક માસ કરતા ઓછા સમયમાં પૂરું થઈ જાય છે તેમજ ચેક પાસ થઈ સદર રકમનું બેલેન્સ ફ્રેંકીન્ગ મશીનમાં જમા થતા ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ દિવસ થાય છે આ સંજોગોમાં ફ્રેન્કીગ મશીનમાં રૂા.૪,૫૦,૦૦૦/–નું બેલેન્સ જમા કરાવાના મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ઈ–મેઈલથી પણ પત્રો/ દસ્તાવેજીસ મોકલવા તથા શકય હોય તો એસ. એમ. એસ. (S. M. S. ) અને વોટ્સ અપ (Whats app)થી પણ સંબંધિતોને પણ શકય હોય ત્યાં જાણ કરવી/ માહિતી આપવી.**

૩૫. વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી જગ્યા પરત મેળવવા અંગે શ્રી માવજીભાઈ રણછોડભાઈ ઉમરીગરના અને અન્યો દ્વારા નામદાર હાઈકોર્ટમાં કરેલ સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૪૬૪૦/૨૦૧૪ સંદર્ભે સિન્ડિકેટે તેની તા.૨૫/૬/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૧ થી માનનીય કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તાનુસાર માન. કુલપતિશ્રીના આદેશાનુસાર એડવોકેટશ્રી ગિરીશભાઈ વાંસીયાના તા.૨/ ૮/ ૨૦૧૪ના અભિપ્રાયની નોંધ લેવા બાબત.

**નોંધ :** પ્રસ્તુત બાબતે માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર યુનિવર્સિટીના સિનિયર એડવોકેટશ્રી ધવલભાઈ દવેના અભિપ્રાય મુજબ યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડવા અંગે આગળની ઘટિત કાર્યવાહી કરવા યુનિવર્સિટીના સિનિયર એડવોકેટશ્રી ધવલભાઈ દવેને જણાવેલ છે.

(લીગલ સેલ)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૬. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માં વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓના ધસારાને લીધે તેમજ જે–તે અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/કોલેજના આચાર્યશ્રીઓની રજૂઆતોને ધ્યાને લેતાં માનનીય કુલપતિશ્રીની પૂર્વ મંજૂરીથી નીચે મુજબના અભ્યાસક્રમોમાં બેઠકો વધારવામાં આવી છે. જેની નોંધ લેવા બાબત.

| ક્રમ | કોલેજ / ડિપાર્ટમેન્ટનું નામ | અભ્યાસક્રમ | પ્રવેશ પ્રક્રિયાની શરૂમાં જાહેર કરેલી બેઠકો | પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વધારાની ફાળવેલી બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ઝેડ.એફ. વાડીયા આર્ટસ કોલેજ, સુરત | M.A. English | 50 Regular<br>20 Higher Payment | 10 (H.P.) |
| ૨ | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ– અમરોલી | M.A. English | 50 Regular<br>20 Higher Payment | 10 (H.P.) |
| ૩ | મેથેમેટિકસ વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ. | M.Sc. Mathematics | 50 Regular<br>10 Higher Payment | 60 + 30 (H.P.) |
| ૪ | ફિઝિકસ વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ. | M.Sc. Physics | 29 Regular<br>11 Higher Payment | 05 (H.P.) |
| ૫ | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ | PGDMLT | 30 Self Finance | 09 (S.F.) + |
| ૬ | એચ.આર.ડી. વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ. | M.H.R.D. | 120 Self Finance | 10 (S.F.) |
| ૭ | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ– બારડોલી | M.A. History | 50 Regular<br>20 Higher Payment | આચાર્યશ્રીની રજૂઆતને આધારે બેઠકો ફાળવેલ નથી. (ગત વર્ષની જેમ ) |

(અનુસ્નાતક)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ધ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામ/ અભ્યાસક્રમમાં શૈક્ષણિક કર્મચારીઓની કાયમી સ્વનિર્ભર ધોરણે જગા ભરવા તા.૨૫–૨–૨૦૧૪થી આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત એલિજિબલ ઉમેદવારોને રૂબરૂ મુલાકાતે બોલાવવા ઓર્ડિનન્સ–૩૭ હેઠળ પસંદગી સમિતિની રચના કરવા બહારના વિષય નિષ્ણાંતોના નામો સૂચવવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામ/ અભ્યાસક્રમમાં શૈક્ષણિક કર્મચારીઓની કાયમી સ્વનિર્ભર ધોરણે જગા ભરવા તા.૨૫–૨–૨૦૧૪થી આપવામાં આવેલ જાહેરાત અંતર્ગત એલિજિબલ ઉમેદવારોને રૂબરૂ મુલાકાતે બોલાવવા ઓર્ડિનન્સ–૩૭ હેઠળ પસંદગી સમિતિની રચના કરવા બહારના વિષય નિષ્ણાંતોના નામો સૂચવવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૮. યુનિવર્સિટી કાર્યાલય ખાતે નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના કર્મચારીઓ ડો. એ. એન. માલવીયા, ડો.રોમાન કે. ભાટિયા અને શ્રી ડી. કે. પટેલના કિસ્સામાં નાણાંકીય જવાબદારી સ્વીકારવા નામદાર રાજય સરકારશ્રીને દરખાસ્ત રવાના કરેલ છે, તેઓના તા. ૭–૮–૨૦૧૪ના પત્રથી નામદાર હાઈકોર્ટની સ્પે.સિવિલ એપ્લિકેશન નં.૧૨૨૧૮/૨૦૧૨ તથા નામદાર ગુજરાત યુનિવર્સિટી સર્વિસીસ ટ્રીબ્યુનલ નં.૧/૨૦૧૧ના ચૂકાદાનો અમલ કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**નોંધ :**

(૧) **નામદાર ટ્રિબ્યુનલની અરજી નં.૧/૨૦૧૧ તથા નામદાર હાઈકોર્ટની સ્પે.સિવિલ એપ્લિકેશન નં.૧૨૨૧૮/૨૦૧૨ના હુકમના અમલ કરવા સિન્ડિકેટ તા.૨૨–૨–૨૦૧૪ ની બાબત ક્રમાંક (૫૮) થી નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના કર્મચારીઓની નાણાંકીય જવાબદારી સ્વીકારવા નામદાર રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવા કરેલ ઠરાવ મુજબ દરખાસ્ત રવાના કરવામાં આવેલ છે.**

(૨) **તેઓને નામદાર ટ્રિબ્યુનલની અરજી નં.૧/૨૦૧૧ તથા નામદાર હાઈકોર્ટની સ્પે.સિવિલ એપ્લિકેશન નં.૧૨૨૧૮/૨૦૧૨ના હુકમ અંતર્ગત નામદાર હાઈકોર્ટ સ્પે.સિવિલ એપ્લિકેશન નં.૫૯૩૮/૨૦૦૩ના આખરી ચૂકાદાને આધિન તેમજ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયની અંતિમ મંજૂરીને આધિન કાર્યાલય દ્વારા ઉકત ત્રણેય કર્મચારીઓને શૈક્ષણિક (નોન વેકેશનલ) કર્મચારીઓ ગણી નિવૃત્તિની વય મર્યાદા ૬૨ વર્ષ ગણવા અંગેની તેઓને જાણ કરવામાં આવેલ છે.**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે મેટર હાઈકોર્ટ અમદાવાદ ખાતે સબજયુડીશ હોય હાલ કોઈ કાર્યવાહી કરવી નહીં.**

૩૯. યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે તદ્દન હંગામી ધોરણે યુનિવર્સિટી ફંડ હેઠળ યુનિવર્સિટીના કરાર (પાંચ વર્ષીય કરાર) આધારિત નર્સ તરીકે રૂા.૪૦૦૦-૧૦૦-૫૦૦૦ના પગાર ધોરણમાં ફરજ બજાવતા શ્રીમતી કૈલાશબેન જે. સોલંકીએ તેણીનો પાંચ વર્ષ આધારિત કોન્ટ્રાકટ તા.૨૪/૮/૨૦૧૪ ના રોજ પૂરો થતો હોય, તેણીને ફરીથી કોન્ટ્રાકટ આપવા તેમજ પગારમાં યોગ્ય વધારો કરવા કરેલ તા.૭/૮/૨૦૧૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ :

(૧) યુનિવર્સિટી કાર્યાલયની તા.૨૮/૩/૨૦૦૮ ની વિવિધ વહીવટી જગાઓની ભરતીની જાહેરાત સંદર્ભે ક્રમાંક : (C) For University Health Centre under University norms / policy હેઠળ Nurse – one post on contract basis Rs.4000-5000 અંતર્ગત સિન્ડિકેટની તા.૨૦/૮/૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૬ સંદર્ભે યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે ૧૧ માસના કરાર આધારિત નર્સ તરીકે શ્રીમતી કૈલાશબેન મોહનલાલ સોલંકીને રૂા.૪૦૦૦-૫૦૦૦ ના પગારથી ૧૧ માસની મુદ્દત માટે કાર્યાલયના ક્રમાંક : જન/એસ્ટા/૮૬૫૭/૨૦૦૯, તા.૨૪/૮/૨૦૦૯ થી નિમણૂંક આપવામાં આવેલ હતી. જે સંદર્ભે તેણી તા.૨૪/૮/૨૦૦૯ ના રોજ ફરજ પર હાજર થયા હતા.

(૨) તેણીની ૧૧ માસની મુદ્દત તા.૨૩/૮/૨૦૧૦ ના રોજ કાર્યાલય સમય બાદ પૂરી થતી હોય, તેણીની મુદ્દત લંબાવી આપવા અંગેની તા.૬/૭/૨૦૧૦ ની અરજી સંદર્ભે કાર્યાલયની તા.૮/૭/૨૦૧૦ ની નોંધ પર મળેલ આદેશ મુજબ બાબત સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટે તેની તા.૧૨/૭/૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૫ સંદર્ભે તેણીને તેણીની નિમણૂંકની તારીખથી પાંચ વર્ષના કોન્ટ્રાકટ ઉપર રૂા.૪૦૦૦-૧૦૦-૫૦૦૦ ના પગારધોરણમાં નિમણૂંક આપવા ઠરાવેલ.

(૩) જે સંદર્ભે તેણીને કાર્યાલયના ક્રમાંક : જન/એસ્ટા/૯૪૨૭/૨૦૧૦, તા.૪/૯/૨૦૧૦ થી રૂા.૪૦૦૦-૧૦૦-૫૦૦૦ ના પગારધોરણમાં (ઓડિટને આધિન) નર્સની જગા પર તા.૨૪/૮/૨૦૦૯ થી પાંચ વર્ષના કરાર આધારિત નર્સ તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે. જે સંદર્ભે તેણી તા.૨૪/૮/૨૦૦૯ થી આજદિન સુધી યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે યુનિવર્સિટી ફંડ હેઠળ નર્સ તરીકે ફરજ બજાવી રહ્યા છે. જે વિદિત થાય.)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે તદ્દ્ન હંગામી ધોરણે ૧૧ માસના કરારથી રૂા.૧૦,૦૦૦/–ના ફીકસ માસિક પગારે, વર્તમાનપત્રોમાં જાહેરાત આપી નર્સની નિમણુંક કરવી. વધુમાં જયાં પણ કોઈ હંગામી કર્મચારીનો કરાર ત્રણ/ પાંચ વર્ષનો પૂર્ણ થયા બાદ આવી તમામ નિમણૂંકો માટે ફરીથી વર્તમાનપત્રોમાં જાહેરાત આપવી અને ભરતીની કાર્યવાહી કરવી.**

૪૦. જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સુરત જીલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરતના પત્ર ક્રમાંક : એલ/સુ/માહિતી અધિકાર-૨૦૦૫/વશી/૭૬૭૪, તા.૧૮/ ૫/ ૨૦૧૩ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પાંચ કર્મચારીઓની નિયમિત નિમણૂંક પહેલાની સેવાને ધ્યાને લઇને આર.ઓ.પી.-૧૯૯૮ હેઠળની પગારબાંધણી કરેલ હોવાથી સદરહુ ઉચ્ચક નોકરીનો સમયગાળો બાદ કરીને પગારની ફેરબાંધણી કરીને ફરીથી કેસ રજૂ કરવા તેમજ સદર પાંચ કેસ સિવાય જો અન્ય કેસોમાં પણ ફેરચકાસણી કરીને આવી કોઇ બાબત ધ્યાનમાં આવે તો તેવા તમામ કેસોની ફેરચકાસણી તેઓની કચેરી ખાતે કરાવી લેવા જણાવેલ. જે પત્ર પર વિચારણા કરવા બાબત.

(<u>નોંધ</u> :

(૧) કાર્યાલયના હિસાબી વિભાગ દ્વારા પત્ર ક્રમાંક : હિસાબી/પે યુનિટ/૧૩૧૮૮/ ૨૦૧૩, તા.૨૪/૧૦/૨૦૧૩ અને પત્ર ક્રમાંક : જન/એસ્ટા/૬૨૫૧/૨૦૧૪, તા.૬/૬/૨૦૧૪ થી સદર કચેરી પાસે માર્ગદર્શન માંગેલ હતુ. જે માર્ગદર્શન આપવાની બાબત સદર કચેરીના કાર્યક્ષેત્રમાં ન હોય, માર્ગદર્શન આપી શકાય તેમ નથી એમ જણાવેલ છે. અને સમગ્ર બાબતે સદર કચેરીના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્રને ધ્યાને લઇને નિયમોનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે.

(૨) સદર કચેરીના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્રના અનુસંધાને યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે પ્રતિ વર્ષ સિનિયોરીટી લીસ્ટ તૈયાર કરવા માટે સિન્ડિકેટની તા.૨/૪/૨૦૧૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ થી રચવામાં આવેલ કમિટિને સદર પત્ર અંગેની કામગીરી સોંપવામાં આવેલ હતી. જે અંતર્ગત સમિતિની તા.૨૦/૩/૨૦૧૪ ના રોજ મળેલ સભાની ભલામણો અંતર્ગત અલગ અલગ વકીલોનો અભિપ્રાય મેળવવા જણાવેલ. સદર કચેરીના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્ર સંદર્ભે આદેશાનુસાર એડવોકેટ શ્રી સુરેશ એન. રઘુવંશી, સુરત અને શ્રી હેમંત એમ. દેસાઇ, સુરતના મેળવવામાં આવેલ કાનૂની અભિપ્રાયનો સિન્ડિકેટે તેની તા.૧૪/૫/૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૮ થી સ્વીકાર કરેલ છે. જે મુજબ સદર બંને વકીલોના કાનૂની અભિપ્રાયોનો અભ્યાસ કરી સમિતિએ સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્ર સંદર્ભે સદર કચેરીનું માર્ગદર્શન મેળવવા જણાવેલ.

(૩) જે સંદર્ભે અગાઉ કાર્યાલયના હિસાબી વિભાગ દ્વારા પત્ર ક્રમાંક : હિસાબી/પે યુનિટ/૧૩૧૮૮/૨૦૧૩, તા.૨૪/૧૦/૨૦૧૩ થી માર્ગદર્શન માંગેલ. પરંતુ તેઓ દ્વારા કોઇ પ્રત્યુત્તર મળેલ ન હતો. જેથી સમિતિની ભલામણો મુજબ પત્ર ક્રમાંક : જન/એસ્ટા/૬૨૫૧/૨૦૧૪, તા.૬/૬/૨૦૧૪ ના પત્રથી ફરીથી માર્ગદર્શન માંગવામાં આવેલ હતુ. જે સંદર્ભે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સુરત જીલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, સુરત દ્વારા તેઓના તા.૨૦/૬/૨૦૧૪ ના પત્રથી જણાવ્યાનુસાર, <u>**''માર્ગદર્શન આપવાની બાબત સદર કચેરીના કાર્યક્ષેત્રમાં ન હોઇ યુનિવર્સિટી દ્વારા માંગવામાં આવેલ માર્ગદર્શન આપી શકાય તેમ નથી''**</u> એમ જણાવેલ છે. જે વિદિત થાય.

(૪) વધુમાં સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્ર સંદર્ભે યુનિવર્સિટી ખાતે સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી પી.સી.કોસંબીયાના કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતની કચેરી દ્વારા તેઓની હંગામી ઓન સ્કેલ (ઇજાફાવાળી નોકરી) નિમણૂંકની તા.૬/૧/૧૯૮૪ થી નોકરી ગણી હાયર ગ્રેડ મંજૂર કરવામાં આવેલ હતા. તદ્નુસાર તેઓના કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા તેઓની નિમણૂંક તા.૬/૧/૧૯૮૪ ગણી શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પરચ/૧૧૯૯/૫૦૭૫/ખ, તા.૫/૬/૨૦૦૦ ના ઠરાવ મુજબ તા.૧/૧૦/૧૯૮૪ પહેલા નિમણૂંક પામતા કર્મચારીઓના કિસ્સામાં વયનિવૃત્તિના ૬૦ વર્ષ મુજબ ગણવાની થતા યુનિવર્સિટી ખાતેથી તેઓને તા.૧૪/૬/૨૦૧૬ ના કાર્યાલય સમય બાદ નિવૃત્ત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ.

પરંતુ તેઓના તા.૧૮/૫/૨૦૧૩ ના પત્ર મુજબ શ્રી પી.સી.કોસંબિયાના કિસ્સામાં તેઓની નિમણૂંકની તા.૧/૪/૧૯૮૫ (ઓનસ્કેલ પ્રોબેશન પર મૂકાયા તારીખ) ગણેલ છે. અને તેઓની તા.૧/૧૦/૧૯૮૪ પછીની નિમણૂંક પામતા કર્મચારીઓના કિસ્સામાં વયનિવૃત્તિના ૫૮ વર્ષ મુજબ ગણી તેઓને યુનિવર્સિટી ખાતેથી તા.૧૪/૬/૨૦૧૪ ના કાર્યાલય સમય બાદ (જન્મ તારીખ મુજબ તા.૧૨/૬/૨૦૧૪) વયનિવૃત્ત કરવામાં આવેલ છે.

(૫) જે સંદર્ભે કાર્યાલયની તા.૮/૭/૨૦૧૪ ની નોંધ પર મળેલ માનનીય કુલપતિશ્રીના આદેશ મુજબ સુરત જીલ્લા સહાયક નિરીક્ષકની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતના પત્રો સંદર્ભે (૧) ડો.વિક્રમભાઇ દેસાઇ, (૨) ડો.વી.ડી.નાયક અને (૩) એડવોકેટ શ્રી હેમંતભાઇ દેસાઇની સમિતિ બનાવેલ છે. અને તેઓનો રિપોર્ટ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા જણાવેલ છે. તા.૨૫/૭/૨૦૧૪ ના રોજ મળેલ સદર સમિતિની સભાના ઠરાવ મુજબ સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતને કાર્યાલય દ્વારા ક્રમાંક : જન/એસ્ટા/૯૩૨૯/૨૦૧૪, તા.૬/૮/૨૦૧૪ ના પત્રથી નામદાર ઔદ્યોગિક ન્યાયપંચના ચૂકાદાના અમલ માટે સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

(૬) સ્થાનિક ભંડોળ હિસાબ, સુરતના ઉપરોક્ત પત્રને કારણે હાલ યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓનું સિનિયોરીટી લીસ્ટ, નિવૃત્ત થયેલ / થનાર કર્મચારીઓને આપવાના થતા નિયમાનુસારના લાભો તથા ઉચ્ચતર પગારધોરણના લાભો સ્થગિત થયેલ છે.)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લઈ આગળની કાર્યવાહી કરવી.**

૪૧. યુનિવર્સિટી પરીક્ષાઓની વ્યવસ્થા અંગે માનનીય કુલપતિશ્રીએ નીમેલ કમિટિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલ તા.૨૮–૧–૨૦૧૪ નાં ઠરાવ ક્રમાંકઃ ૧૯ને અનુસંધાને વધુ અભ્યાસ કરવા નિમાયેલ સમિતિ તેમજ સિન્ડિકેટ તા.૨૬–૭–૨૦૧૩નાં ઠરાવ ક્રમાંકઃ ૫૩ અન્વયે શૈક્ષણિક વર્ષે ૨૦૧૪–૨૦૧૫નાં એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની ફાળવણી બાબતે આર્ટસ/સાયન્સ/કોમર્સ ફેકલ્ટીનાં ડીનશ્રીઓની સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૮–૨૦૧૪માં સંયુકત વિચારણા કરતાં સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૧૩–૮–૨૦૧૪ ઠરાવ ક્રમાંકઃ ૨ તથા ૫.</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક ૨ તથા ૫ તથા બિડાણ – ૧ અને બિડાણ – ૪ ઉપર સંયુકત વિચારણા પછી એકેડેમિક કાઉન્સિલે સંયુકત રીતે નીચે મુજબ ઠરાવેલ છે જે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**૧. આર્ટસ તથા કોમર્સ ફેકલ્ટીનાં બાહય અભ્યાસક્રમો (External Programmes)ની પરીક્ષા વર્ષનાં અંતે એક વખત લેવી અને આ અભ્યાસક્રમો માટે સેમેસ્ટરનાં અંતે લેવાતી પરીક્ષાનો ચાલુ વર્ષ ૨૦૧૪ –૧૫થી ક્રમશઃ અંત લાવવો.**

**૨. ઉપર જણાવેલ વાર્ષિક માળખા માટે હાલનાં સેમેસ્ટર માળખાનાં ૧૪ પેપરનાં માળખાને ૭ પેપરનાં માળખામાં તબદીલ કરવો તે માટે એફ.વાય.નાં સેમેસ્ટર –૧ અને સેમેસ્ટર–૨ નાં ૧ + ૧ = ૨ પેપરને ભેગા કરીને એક પેપરનો અભ્યાસક્રમ તૈયાર કરવો તેમ કરવા માટે જે તે વિષયનાં પેપર (Course) માટે (૧) જે તે ફેકલ્ટીના ડીન (૨) જે તે વિષયની અભ્યાસ સમિતિનાં ચેરમેન તથા (૩) જે તે વિષયની અભ્યાસ સમિતિના અધરધેન – ચેરમેન (જે તે ફેકલ્ટી માટેના પ્રતિનિધિ)ની સમિતિ રચવી.**

**સદર સમિતિઓએ તૈયાર કરેલ અભ્યાસક્રમોને એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી. એસ.વાય. તથા ટી.વાય.નાં અભ્યાસક્રમો તૈયાર કરવા માટે પણ ઉપર મુજબની કાર્યવાહી કરવી.**

**૩. એમ.એ. તથા એમ.કોમ. પ્રોગ્રામનાં બે વર્ષ માટેનાં પેપર્સનાં અભ્યાસક્રમો માટે પણ બી.એ. તથા બી.કોમ.નાં અભ્યાસક્રમો તૈયાર કરવા માટેની ઉપર જણાવેલ પધ્ધતિ અનુસરવી.**

**૪. દરેક પેપરનાં ગુણ ૧૦૦ રાખવા અને પરીક્ષાનો સમય ત્રણ કલાકનો રાખવો.**

**૫. તમામ પ્રોગ્રામ માટેની આનુષાંગિક તમામ માહિતી પૂરી પાડતી માહિતી પુસ્તિકા તૈયાર કરી તમામ પ્રવેશાર્થીઓએ પ્રવેશ ફોર્મ સાથે આપવી તથા પરીક્ષા વિભાગની વેબસાઈટ ઉપર તે અપલોડ કરવી અને પરીક્ષા વિભાગની વેબસાઈટ ઉપર અલગ લીંક તૈયાર કરાવવી.**

**૬. પરીક્ષા ફી બી.એ./બી.કોમ. પ્રોગ્રામ માટે રૂા. ૨૪૦૦/– તથા એમ.એ./ એમ.કોમ. પ્રોગ્રામ માટે રૂા. ૨૮૦૦/– રાખવી. સિન્ડિકેટની મંજૂરીથી તેમાં વખતો–વખત ફેરફાર કરવો.**

**૭. જે તે ફેકલ્ટીમાં O.M.R. પરીક્ષા પધ્ધતિનો અમલ કરવો કે કેમ તે અંગે જે તે ફેકલ્ટીને બાબત રીફર કરવી.**

**વધુમાં નવી વ્યવસ્થાનાં અન્ય પાસાંઓ માટે હાલની વ્યવસ્થાને ધ્યાનમાં લઈ અનુરૂપ આનુષાંગિક કાર્યવાહી કરવી. તેમ છતાં પણ જો કોઈ પ્રશ્નો/મુશ્કેલીઓ ઊભી થાય તો તે માટે જરૂરી નિર્ણયો કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરીક્ષા)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૮–૨૦૧૪ના ઉપરોકત ઠરાવ ક્રમાંકઃ ૨ તથા ૫નો યથાવત સ્વીકાર કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી અમલ કરવો.**

૪૨. તા. : ૧૪–૦૮–૨૦૧૪ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩ અને ૫ થી ૧૦ ઉપર વિચારણા કરવા બાબત

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.:૧૪–૦૮–૨૦૧૪ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩ અને ૫ થી ૧૦ને પરિશિષ્ટ : " ક "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૩માં નર્મદ સ્મૃતિ ભવનનું બાંધકામ, રિસર્ચ સેન્ટર અને ગુજરાતી ભવન વચ્ચેના પ્લોટમાં કરવું અને સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર સુરજ કોર્પોરેશન, સુરતનું અંદાજીત રકમ રૂા.૯૩,૦૭,૧૩૩=૬૦ ઉપર ૧૬.૩૧ ટકા ઓછા ભાવનું રૂા.૭૭,૮૯,૧૪૦=૧૧ પૈસાનું ટેન્ડર મંજૂર કરી તાકીદે કામગીરી શરૂ કરવી અને બાબત ક્રમાંક : ૯ માં રોડ બનાવવા માટે કન્સ્લટન્ટ તરીકે યુનિક એન્જિનિયરીંગ ટેસ્ટીંગ અને એડવાઈઝરી સર્વિસ, સુરતને કામગીરી સોંપવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૪૩. તા. : ૧૪–૦૮–૨૦૧૪ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૪ (Supply & Installation of 40 KVA Diesel Generator Set) પર વિચારણા કરવા બાબત.

૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતે **Supply & Installation of 40 KVA Diesel Generator Set** માટે મળેલ ઇ–ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, Supply & Installation of 40 KVA Diesel Generator Set માટે મળેલ ઇ–ટેન્ડરો ઉપર વિચારણા કરતા કમિટિના સભ્યો દ્વારા વિવિધ કંપનીના જનરેટર સેટના ટેકનિકલ બાબતોની ચર્ચા કરતા અને હાલમાં યુનિવર્સિટીમાં મૂકવામાં આવેલ જનરેટર સેટ કમીન્સ (સુધીર) કંપનીના હોય, સર્વિસ અને મેઈનટેનન્સમાં સરળતા રહે તે હેતુથી બીજા ક્રમે ઓછા ભાવ ભરનાર (2nd Lowest) મે. દિપક ઈલેકટ્રીકલ્સ, સુરત દ્વારા કમીન્સ (સુધીર) કંપનીનું જનરેટર આપનાર હોય, આ કંપનીનું અને આ સપ્લાયરનું ટેન્ડર મંજૂર કરવા માટે સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવે છે અને સપ્લાયરને ભાવતાલ બાબતે ચર્ચા વિચારણા કરવા મા. કુલપતિશ્રી સમક્ષ બોલાવવા અને જે ભાવ ઘટાડો થાય તે રકમનો વર્ક ઓર્ડર આપવા માટે સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવે છે તથા પ્રસ્તુત ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડના સદર હેઠળ ફાળવવા તથા જરૂર જણાય તો રિવાઈઝડ બજેટમાં આ ખર્ચની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવે છે.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા. : ૧૪–૦૮–૨૦૧૪ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૪થી કરેલ ભલામણને નામંજૂર કરવી.**

**માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.**

૪૪. યુનિવર્સિટી સંલગ્ન અનુદાનપાત્ર / સરકારી કોલેજોમાં વિનયન / વાણિજય વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં વધારાના વિદ્યાર્થીઓ ફાળવવા નીચેની કોલેજોએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માટે વિનંતીના સંદર્ભમાં નીચે જણાવેલ કોલેજોમાં વધારાના વિદ્યાર્થીઓની ફાળવવામાં આવેલ કુલપતિશ્રીના પગલાંની જાણ થવા સારુ.

| ક્રમ | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે માંગણી કરેલ વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | એમ. કે. કોલેજ ઓફ કોમર્સ,ભરૂચ | **પ્રથમ વર્ષ બી.કોમ.**<br>**૧૦૦+ ૩૫ = ૧૩૫** |
| 2. | જે .એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર, ભરૂચ | **પ્રથમ વર્ષ બી.કોમ. ૧૦૦ + ૧૦૦ = ૨૦૦**<br>**પ્રથમ વર્ષ બી.એ. (ગુજરાતી) ૧૦૦ + ૫૦ = ૧૫૦**<br>**પ્રથમ વર્ષ બી.એ. (અર્થશાસ્ત્ર) ૧ ૦૦ + ૫૦ = ૧૫૦** |
| 3. | શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર. | **પ્રથમ વર્ષ બી.કોમ.**<br>**૧૩૦+ ૫૦ = ૧૮૦** |
| 4. | એચ.આર.શાહ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, શહીદ ચોકની પાસે, કુંભારવાડ, નવસારી | એફ.વાય.બી.કોમ.<br>વર્ગદીઠ ૧૩૦ + ૪૦ = ૧૭૦ |
| 5. | બી. બી. અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી, જિ : સુરત | એફ.વાય.બી.કોમ.<br>**૧૩૦ + ૨૫ = ૧૫૫** |
| 6. | સરકારી મહિલા વિનયન કોલેજ, ઉચ્છલ, જિઃ તાપી | એફ.વાય.બી.એ.<br>**૧૩૦ + ૫૦ = ૧૮૦** |
| 7. | પટેલ રમણ બ્રધર્સ આર્ટસ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી, જિ : સુરત | એફ.વાય.બી.એ.<br>**૧૩૦ + ૧૫ = ૧૪૫** |

(સિન્ડિકેટ)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૪૫. સિન્ડિકેટની તા. ૨૨–૦૨–૨૦૧૪ની ઠરાવ ક્રમાંક : ૧૦૮ " **આથી ઠરાવવામાં આવે છે કે, બેચલર ઓફ પર્ફોમીંગ આર્ટ તથા બેચલર ઓફ ફાઈન આર્ટનાં વિદ્યાર્થીઓ માટે DUAL DEGREEને મંજૂરી આપવા અંગેના શ્રી સંજયભાઈ દેસાઈ સિન્ડિકેટ સભ્યશ્રીએ કરેલ તા.૨૨–૦૨– ૨૦૧૪નાં પત્રથી કરેલ વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી."** અંતર્ગત બેચલર ઓફ પર્ફોમીંગ આર્ટસ તથા બેચલર ઓફ ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ માટે DUAL DEGREEની મોડાલીટી નકકી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮–૨૦૧૪ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક : ૨૦ ૫૨ વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮–૨૦૧૪ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક : ૨૦</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓ માટે DUAL DEGREEને મંજૂરી આપવા માટે ઓર્ડિનન્સ–૪૩ મુજબ એક અંડર ગ્રેજયુએટ અને અનુસ્નાતક ડિગ્રી એક સાથે થઈ શકે પરંતુ ઓર્ડિનન્સ–૪૮ મુજબ ૭૫% હાજરી બંને અભ્યાસક્રમોમાં હોવી જોઈએ. બંને અભ્યાસક્રમની કોલેજોનાં સમય અલગ હોવા જોઈએ. કેસ ટુ કેસ ફેકલ્ટી ડીનનો અભિપ્રાય લઈ નિર્ણય કરવો.**

**વધુમાં બંને ડિગ્રીનાં સાથે અભ્યાસ માટેની મોડાલીટી નકકી કરવા તથા ઓર્ડિનન્સમાં સુધારા માટે આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવુ.**

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે O.43 Aમાં નીચે મુજબ સુધારો કરવો તથા BFA (Bachelor of Fine Arts) અને BPA (Bachelor of Parforming Arts) માટે જ ખાસ કિસ્સામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ – ૨૦૧૫થી DUAL DEGREEના અભ્યાસ કરવાની મંજૂરી આપવી તથા O. 43 Aને મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી. વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા સદર બાબત સેનેટમાં રજૂ (Move) કરવી.**

**O. 43 A**

(1) A student may pursue one Diploma / Certificate course/ Degree Course simultaneously with any under graduate degree course (Regular / External) of this University when their study timings are different and subject to the conditions laid by the respective courses.

(2) A Student may pursue one P.G. Diploma / Diploma/Certificate course simultaneously with any post graduate (degree) course (Regular / External) of this University when their study timing are different and subject to the condition laid by the respective courses.

(3) A Student may pursue any two (PG Diploma / diploma/ Certificate) courses simultaneously provided such student is not pursuing any regular degree course of this University.

(4) A Student shall not be allowed to pursue LL.B. - B. Ed. course / professional degree course simultaneously with any other degree / PG. Diploma / Diploma /Certificate course or any other professional Course. However if the Apex professional Body permits, a student may simultaneously pursue study of any of these courses, subject to the conditions laid down by the university.

(5) A student may pursue any one Under Graduate Course / P.G. Course / P. G. diploma / Diploma / Certificate course simultaneously with M. Phil / Ph. D. degree course of this University and subject to the condition laid by the University.

(6) A Student found Committing examination malpractice in any of these courses, shall be debarred from the all courses he / she is pursuing.

(7) The student can pursue two courses simultaneously, as stated above, only from this University and not other University.

(8) While taking admission the student shall have to give declaration as to which other course he has taken admission.

૪૬. પરીક્ષા આચાર સમિતિની તા.૦૧–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૦૧–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૪૭. યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકોને પીએચ.ડી. પ્રોગ્રામના પ્રવેશ સંદભમાં સિન્ડીકેટની તા.૩–૨–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪૮) અન્વયે ગાઈડ દિઠ એક સુપરન્યુમરિ સીટ દરેક વિષયમાં આપણી યુનિવસિર્ટીના શિક્ષકો માટે પીએચ.ડી.માં અનામત રાખવા એકેડેમિક કાઉન્સિલને રીફર કરવા ઠરાવેલ હોય જે મુજબ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૬–૦૬–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક (૩૮) અન્વયે યુનિવર્સિટિ માન્યતા પ્રાપ્ત અધ્યાપકોને પીએચ.ડી. અંતિમ તબકકામાં પ્રાથમિકતા આપી પ્રથમ લાભ આપવા ઠરાવેલ છે, જે ઠરાવનો અમલ પીએચ.ડી. સંશોધન અભ્યાસ ૨૦૧૪ની પ્રવેશ પ્રક્રિયા માટે અને હવે પછીની પીએચ.ડી. સંશોધન અભ્યાસની પ્રક્રિયા સમયે તેનો અમલ કરવા વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી અને RSCને ચાલુ શૈક્ષણિક વર્ષમાં બાકી રહેતા પ્રવેશો માટે જરૂરી ઘટતી કાર્યવાહી કરવા જણાવવું.**

૪૮. ર્ડા.વી. ડી. નાયક, ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા દ્વારા તેમના તા.૦૫/૦૭/૨૦૧૪ના પત્રથી યુનિવર્સિટી દ્વારા તેના પરીપત્ર ક્રમાંક : પીજી/ પરીપત્ર/ યુ.મા.શિ.મા./ ૬૯૨૩/ ૨૦૧૪, તા.૧૭/૦૬/૨૦૧૪થી પરીપત્રીત કરેલ ઓર્ડિનન્સ ૧૦૮ કે જે એકેડેમિક કાઉન્સિલ દ્વારા મંજૂર થયેલ ભલામણ મુજબ સિન્ડિકેટ દ્વારા મંજૂર કરેલ ન હોય તેથી યુનિવર્સિટી ACT 32(2)ની જોગવાઈઓનો ભંગ થતો હોય ઓર્ડિનન્સ ૧૦૮ (પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા) પરીપત્ર ક્રમાંક : પીજી/ પરીપત્ર/ યુ.મા.શિ.મા./ ૬૯૨૩/ ૨૦૧૪, તા.૧૭/૦૬/૨૦૧૪ વીધ્ ડ્રો કરવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સુધારા વધારા સાથેનો ઓર્ડિનન્સ ૧૦૮ને એકેડેમિક કાઉન્સિલને રીફર કરવો અને આનુષંગિક કાર્યવાહી કરવી.**

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૪૯. યુનિવર્સિટીનું સને ૨૦૧૫–૨૦૧૬નું વાર્ષિક બજેટ તથા સને ૨૦૧૪–૨૦૧૫ના રિવાઈઝડ બજેટ તૈયાર કરવા માટે માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર નિમાયેલ કમિટિની જાણ સિન્ડિકેટની સભાને કરવા તથા માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(હિસાબી/વહીવટી)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

**વધુમાં આપણી યુનિવર્સિટીના CAO કોર્ટ મેટરમાં જયાં સુધી કોઈ ચુકાદો ન આવે ત્યાં સુધી Finance Officerની નિમણૂંક કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવી.**

૫૦. એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ નર્સિંગ ટ્રેનિંગ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ)માં ૫૦ સીટ અંગે સદર સંસ્થાના સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૮–૮–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતીના સંદર્ભમાં ચેરમેનશ્રી, એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ મેડિકલ એજયુકેશન કોર્ષિસ, બી. જે. મેડિકલ કોલેજ, અસારવા, અમદાવાદને જાણ કરવા અંગેના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા સારું.

**(નોંધ :** INC તરફથી ૫૦ સીટની મંજૂરી આપવામાં આવેલ છે.**)**

(સિન્ડિકેટ)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૫૧. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા આપવામાં આવતી માર્કશીટને લેમીનેશન કરાવવા અંગે સિન્ડિકેટની તા.૨૧/૧૨/૨૦૧૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૪ થી નીચે મુજબ ઠરાવેલ છે.

: : **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૬/૭/૨૦૧૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬ અંતર્ગત વિદ્યાર્થીઓને લેમીનેશનવાળી માર્કશીટ આપવાનું ઠરાવેલ છે. લેમીનેશન મશીન અંગે પરીક્ષા વિભાગ દ્વારા પ્રાપ્ત થયેલ સ્પેસિફિકેશન મુજબ હાઈસ્પીડ લેમીનેશન મશીન ખુબ જ મોટું તેમજ તેના ઉપયોગ માટે ઓછામાં ઓછા બે થી ત્રણ ટેકનીકલ સ્ટાફની જરૂરિયાત હોવાની પ્રાથમિક માહિતી ધ્યાને લેતા પ્રસ્તુત બાબતે કશું કરવું નહિ. આ શૈક્ષણિક વર્ષ પૂરતી કાર્યવાહી મુલતવી રાખવી, પરંતુ ત્યાર પછીના શૈક્ષણિક વર્ષ માટે આગળની કાર્યવાહી કરવી.**

**સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ પર પુનઃ વિચારણા કરવા અંગે.**

**(વહીવટી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર Out Source કરવાની કાર્યવાહી હાથ ધરવી.**

૫૨. મણીલાલ કડકીઆ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ અંકલેશ્વર દ્વારા એમ. કોમ. ગુજરાતી માધ્યમ શરૂ કરવાના વિનંતી પત્ર સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૨૫–૬–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪૭) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની નિયુકતિ કરેલ હોય જે સમિતિ દ્વારા કોલેજની તા. ૧૧–૭–૨૦૧૪ના રોજ મુલાકાત બાદ

(૧) સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં દર્શાવેલ નીચેના કારણોસર સદરહુ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે એમ. કોમ. ( ગુજરાતી માધ્યમ ) સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવુ જોડાણ ન આપવાની ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

સંસ્થાએ જોડાણ અરજી કે એફિલિએશન ફી જમા કરાવેલ ન હોય, સંસ્થા પાસે અનુસ્નાતક શિક્ષણ આપવા લાયક એકજ અધ્યાપક હોય, સંસ્થા સદરહુ અભ્યાસક્રમ હાલમાં કાર્યરત બી. બી. એ. તેમજ બી. સી. એ. કોલેજના મકાનમાં ચાલુ કરવા માંગતી હોય, અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલુ કરવા માટે જરૂરી ગ્રંથાલય, સંદર્ભ પુસ્તકો, પાઠય પુસ્તકોની જોગવાઈ ન હોય તેમજ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણતાને આરે હોય તેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે એમ. કોમ. (ગુજરાતી માધ્યમ) સ્વનિર્ભર અભ્યાસક્રમ આપવા માટે ભલામણ કરતી નથી.

(૨) સમિતિના ક્રમાંક (૧) મુજબના અહેવાલ સાથે કોલેજના આચાર્યશ્રી અને કેમ્પસ ડાયરેકટર દ્વારા તેમના તા. ૧૨–૭–૨૦૧૪ના પત્રથી તેજ સંસ્થાની યુનિવર્સિટીનું કાયમી જોડાણ ધરાવતી કોલેજ શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અંકલેશ્વરને એમ. કોમ. વિષયનું યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર આપવાની વિનંતી કરેલ છે, જે પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને નામંજૂર કરવી.**

૫૩. સને ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની એમ.ફિલ/પીએચ.ડી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે મા. કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની એમ.ફિલ/પીએચ.ડી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહીનો પરિશિષ્ટ: " ગ "માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરી શિષ્યવૃત્તિ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ: " ગ ")**

૫૪. અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ યુનિવર્સિટી સંલગ્ન અનુદાન પાત્ર કોલેજમાં ચાલતા જે તે અનુસ્નાતક અભ્યાસક્રમનાં ભાગ–૧ તથા ભાગ–૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) એનાયત કરવા માટેના પ્રવર્તમાન નિયમો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા.૩,૦૦૦/– લેખે મેરીટ શિષ્યવૃત્તિ તથા વાર્ષિક રૂા.૫૦૦/– લેખે શિક્ષણ લવાજમની રકમની સહાય આપવાની જોગવાઈ છે. સને ૨૦૧૨–૧૩નાં શૈક્ષણિક વર્ષની શિષ્યવૃત્તિ એનાયત કરવા સિન્ડિકેટે તેની તા.૨૧/૧૨/૨૦૧૩ની સભાના બાબત ક્રમાંક : ૮ અન્વયે નિમેલી સમિતિની સભા મંગળવાર તા.૨૮/૦૧/૨૦૧૪ના રોજની મિટિંગમાં કમિટિનાં સભ્યોએ કરેલ ઠરાવ નીચે મુજબ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ લવાજમ સહાય (ફ્રિ શીપ) રૂા.૫૦૦/– ના બદલે રૂા.૩,૦૦૦/– કરવા તથા મેરીટ શિષ્યવૃત્તિ રૂા.૩,૦૦૦/– ના બદલે રૂા. ૫,૦૦૦/– કરી શિષ્યવૃત્તિ વધારવા સિન્ડિકેટને ભલામણ કરેલ છે.

વધુમાં, સને ૨૦૧૩–૧૪ની યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવતી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) અંગેનો સરકયુલર યુનિવર્સિટીના પત્ર ક્રમાંક : પીજી/શિષ્યવૃત્તિ/૧૨૪૧૮/૨૦૧૩, તા.૧૪/૧૦/૨૦૧૩ના રોજ કરી દેવામાં આવેલ હતો. જેમાં ભાગ–૧ તથા ભાગ–૨ના વિદ્યાર્થીઓને મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) વાર્ષિક રૂા.૩,૦૦૦/– લેખે તથા વાર્ષિક રૂા.૫૦૦/– લેખે શિક્ષણ લવાજમની રકમની સહાય (Freeship) આપવાની જોગવાઈ કરવામાં આવેલ હોય સને ૨૦૧૩–૧૪માં ભાગ–૧ તથા ભાગ–૨ના વિદ્યાર્થીઓને નિયમાનુસાર વાર્ષિક રૂા.૩,૦૦૦/– લેખે તથા વાર્ષિક રૂા.૫૦૦/– લેખે શિક્ષણ લવાજમની સહાય એનાયત કરવાની થાય છે. જેથી વર્ષ ૨૦૧૨–૧૩ના વર્ષમાં યોજાયેલ કમિટિના સભ્યો દ્વારા ઠરાવવામાં આવેલ ઠરાવને સને ૨૦૧૪–૧૫ થી અમલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે સમિતિનો અહેવાલ મંજૂર કરવો.**

૫૫. યુનિવર્સિટીમાં 'માસ્ટર ઓફ વેલ્યુએશન' નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે શ્રી સંજયભાઈ દેસાઈના પત્ર પર એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮–૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨૨ થી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૦૮–૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨૨**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માસ્ટર ઓફ વેલ્યુએશનનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે સૈધ્ધાતિંક મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ' માસ્ટર ઓફ વેલ્યુએશન ' અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્તનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી અભ્યાસક્રમ તૈયાર કરવા વાણિજય વિદ્યાશાખાને જણાવવું.**

૫૬. આગામી યોજાનાર ૪૬માં વાર્ષિક પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવનાર વિધાર્થીઓનાં પદવી મેળવવાનાં આવેદનપત્રો (Convocation Form) તથા ફી પોસ્ટ ઓફિસની વિવિધ શાખાઓમાં સ્વીકારવા અંગેના Department of Postsના પ્રપોઝલ પર વિચારણા કરતાં સિન્ડિકેટ <u>તા.૨૫/૬/ ૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : ૬૪</u> અન્વયે યુનિયન બેંક ઓફ ઇન્ડિયા મારફતે આ કામગીરી કરાવવા વાટાઘાટો કરવા ઠરાવેલ હતું. જે અન્વયે સિન્ડિકેટ દ્વારા નીમવામાં આવેલ સમિતિની સભા તા.૨૮/૭/૨૦૧૪ ના રોજ મળેલ હતી, જેમા સમિતિ દ્વારા થયેલ ભલામણો અંગે વિચારણા કરવા બાબત…

<u>**કાર્યાલય નોંધ :**</u> ધ પંચશીલ કો–ઓપરેટીવ બેંક લી. સુરતની કુલ ૫ (પાંચ) શાખાઓ પરથી ડિગ્રી અંગેના આવેદન પત્રો સ્વીકારવામાં આવશે, તેમજ કમિશન અંગે પત્રમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ સ્વીકારવો. પોસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે નકકી થયા મુજબ રૂા.૨૯=૫૦ પ્રતિ ફોર્મ ચૂકવવા તથા પંચશીલ કો–ઓ. બેંક દ્વારા પણ કાર્યવાહી કરવી પંચશીલ બેંક સાથે પણ રૂા.૧૫/–નો ચાર્જ ચૂકવી સદર કાર્યવાહી કરવી. આગળની ઘટતી કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૫૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેના યૂટિલિટી બિલ્ડિંગ (સુવિધા કેન્દ્ર)માં યુનિયન બેંકને ભાડેથી લીઝ પર જગ્યા ફાળવવામાં આવેલ છે. જેની લીઝ રિન્યુ કરવા અંગે બેંક તરફથી મળેલ પત્ર પર વિચારણા કરવા તથા (૧) વધુ ૯ વર્ષ માટે કરાર કરવા અંગે (૨) દર ત્રણ વર્ષે હાલના ભાડાની રકમ રૂા. ૨૦,૭૦૦/– માં ૧૫% લેખે વધારો કરવા અંગે તથા (૩) અગાઉ કરેલ એગ્રીમેન્ટની ભાડા સિવાયની અન્ય શરતો યથાવત સ્વીકારવા અંગે પણ વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રૂા.૨૦,૭૦૦/– યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, વેસુ, સુરતની ભાડાની રકમ મંજૂર કરવા તથા દર વર્ષે ૧૦ ટકા લેખે ભાડામાં વધારો કરવો, કરાર ત્રણ વર્ષનો કરવો તથા વાટાઘાટો માટે માનનીય કુલપતિ સમક્ષ રૂબરૂ બોલાવવા. આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૫૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતેના યૂટિલિટી બિલ્ડિંગ (સુવિધા કેન્દ્ર)માં આવેલ યુનિયન બેંકને યુનિવર્સિટી કેમ્પસ ખાતે ATM મશીન મુખ્ય વહીવટી મકાનના પાર્કિંગ ખાતેના કેશકાઉન્ટરની પશ્ચિમ દિશામાં મૂકવા દેવા પરવાનગી આપવા અંગેના બેંક તરફથી મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતેના યૂટિલિટી બિલ્ડિંગ (સુવિધા કેન્દ્ર)માં આવેલ યુનિયન બેંકને યુનિવર્સિટી કેમ્પસ ખાતે** ATM **મશીન મુખ્ય વહીવટી મકાનના પાર્કિંગ ખાતેના કેશકાઉન્ટરની પશ્ચિમ દિશામાં મૂકવા દેવા પરવાનગી આપવા અંગેના બેંક તરફથી મળેલ પત્રનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો તથા** ATM **મશીન માટે કેટલા સ્કવેર ફૂટ જગ્યા તથા કેટલા રૂપિયા ભાડું તે નકકી કરવા ચર્ચા કરવી તથા** Automatic Cheque Collector **પણ** ATM **મશીન સાથે મૂકવું.**

૫૯. પરીક્ષા આચાર સમિતિની તા.૦૮–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૦૮–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ઘ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ઘ ")**

૬૦. પરીક્ષા આચાર સમિતિની તા.૧૪–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૪–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ચ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ચ ")**

૬૧. પરીક્ષા આચાર સમિતિની તા.૨૧–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૧–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " છ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " છ ")**

૬૨. પરીક્ષા આચાર સમિતિની તા.૨૨–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૨–૮–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " જ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " જ ")**

૬૩. <u>બાબત ક્રમાંક : ૦૨</u> <u>પરીક્ષા આચાર સમિતિની સભા તા. ૨૧–૮–૨૦૧૪</u>

માર્ચ/એપ્રિલ/મે – ૨૦૧૪માં લેવાયેલી **ટી.વાય.બી.બી.એ. (પાંચમું સેમેસ્ટર)** પરીક્ષામાં બિઝનેસ એનવાયરમેન્ટ – I (કોડ નં. ૩૫૩૫) વિષયોની ઉત્તરવહીઓનું પરીક્ષણ કાર્ય દરમ્યાન પેકેટ નં. ૦૧ ના ડમી નં. ૦૩, ૦૮, ૧૩, ૧૫,૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫ (મૂળ બેઠક નં. ૦૩૬૦, ૦૩૭૦, ૦૩૭૯, ૦૬૦૦૭, ૦૬૦૦૮, ૦૬૦૦૯, ૦૬૦૧૦, ૦૬૦૧૧, ૦૬૦૧૩, ૦૬૦૧૫ અને ૦૬૦૬૫. કુલ ૧૧) વાળા પરીક્ષાર્થીઓ અંગે પરીક્ષક/ચેરમેનશ્રીએ "Mass Copy" નો રિપોર્ટ કરેલ છે. જે પરીક્ષક/ચેરમેનશ્રીએ કરેલ રિપોર્ટ અંગે વિચારણા કરવા બાબત.....

**<u>પરીક્ષા આચાર સમિતિનો ઠરાવ</u>**

:: આથી ઠરાવવામાં આવે છે, કે તા. ૧૪–૮– ૨૦૧૪ના રોજ પરીક્ષા આચાર સમિતિની સભામાં આચાર સમિતિના સભ્યોને કેટલાક કેસમાં માસ કોપી માલૂમ ન પડતાં કોપી કેસ કરનાર પરીક્ષકશ્રી/ચેરમેનશ્રીને તથા વિદ્યાર્થીઓને તા. ૨૧–૮–૨૦૧૪ના રોજ આચાર સમિતિમાં રૂબરૂ સુનવાણી માટે બોલાવ્યા હતા. તદ્અનુસાર પરીક્ષકશ્રી/ચેરમેનશ્રી હાજર રહયા હતા. તથા ઉપરોક્ત વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. આચાર સમિતિના સભ્યો, પરીક્ષકશ્રી/ચેરમેનશ્રીને ટી.વાય.બી.બી.એ.(પાંચમું સેમેસ્ટર) પરીક્ષાના બેઠકક્રમાંક <u>૦૬૦૬૫</u> એ કોપી કરેલ લાગતું નથી. આ અંગે પરીક્ષકશ્રી/ચેરમેનશ્રી તથા વિદ્યાર્થીનું નિવેદન આ સાથે સામેલ છે. સદર વિદ્યાર્થીએ કોપી કરેલ માલુમ ન પડતાં આ વિદ્યાર્થીનું રીઝલ્ટ ડિકલેર (જાહેર) કરવા અને સાથે જ હવે પછી લેવાનાર પરીક્ષાનું આવેદન પત્ર ખાસ કેસમાં ભરવા દેવા આચાર સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

વધુમાં નીચે જણાવેલા વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. આચાર સમિતિમાં હાજર રહી બેઠકક્રમાંક : <u>૦૩૬૦, ૦૩૭૦, ૦૩૭૯, ૦૬૦૦૭, ૦૬૦૦૮, ૦૬૦૦૯, ૦૬૦૧૦, ૦૬૦૧૧, ૦૬૦૧૩, ૦૬૦૧૫</u> વાળા પરીક્ષાર્થીઓએ મૌખિક રીતે કોપી કરેલ સ્વીકારતાં એમના લેખિત નિવેદન લેવામાં આવ્યા હતા. તથા પરીક્ષકશ્રી/ચેરમેનશ્રી રૂબરૂ હાજર રહી ઉપરોકત વિદ્યાર્થીઓની ઉત્તવહીઓની ચકાસણી કરી આચાર સમિતિને રૂબરૂ બતાવેલ છે. જે આધારે અને વિદ્યાર્થીઓના કબુલાતના આધારે કોપી કરેલ માલુમ પડતાં નિયમોનુસાર આ પ્રકારના ગુનામાં કરવામાં આવતી ઉપરોકત વિદ્યાર્થીઓને '<u>બી</u>' પ્રકારની સજા કરવામાં આવે છે. અને દંડની રકમમાં ૫૦%નો ઘટાડો કરી **રૂ.<u>૫૦૦</u>/–** કરવામાં આવે છે. એ સંજોગોમાં માર્ચ/એપ્રિલ/મે – ૨૦૧૪ માં લેવાયેલી તેમની ઉપર જણાવેલ ટી.વાય.બી.બી.એ. (પાંચમું સેમેસ્ટર) <u>પરીક્ષાનું પરિણામ રદ કરવા</u> તેમજ તે વિદ્યાર્થીઓને **<u>શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ – ૨૦૧૫ ના (દ્વિતીય સત્ર)/ બીજા સેમેસ્ટરના અંત સુધી</u>** લેવામાં આવતી યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં બેસવા નહી દેવા તેમજ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ કે માન્ય સંસ્થામાં સત્રો/ સેમેસ્ટર રાખવા નહિ દેવા અને જે વિદ્યાર્થીઓ ઉપરોકત દંડની રકમ ન ભરે તો વધારાની એક સત્ર/ એક સેમેસ્ટરની સજા અર્થાત્ **<u>૨૦૧૫ – ૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્ર/ એક સેમેસ્ટરના અંત સુધી</u>** કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરે છે.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિનો અહેવાલ યથાવત સ્વીકારવો.**

## <u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>

૬૪. પારસ એજ્યુકેશન ટ્રસ્ટ વતી ચેરમેનશ્રી, એસ. ડી. જે. ઈન્ટરનેશનલ કોલેજ, સુરત તરફથી યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યો માટે તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે રૂા.૫,૫૦,૦૦૦/–નું દાન મળેલ છે, જેની નોંધ લેવા અંગે.

(હિસાબી)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૬૫. ગુજરાતી વિભાગમાં ચાલતા (૧) સર્જનાત્મક લેખન (૨) પ્રૂફ રીડિંગના અભ્યાસક્રમ સર્ટિફિકેટ અભ્યાસક્રમોની ફી સિન્ડિકેટ દ્વારા પ્રત્યેક અભ્યાસક્રમના ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી ડાં. જગદીશભાઈ ગૂર્જરની દરખાસ્ત અન્વયે રૂા. ૫૦૦૦/– મંજૂર કરવામાં આવેલ હતા જે ફી પૈકીની વિદ્યાર્થીઓ દ્વારા મળેલ ફીડ બેક અનુસાર રૂા. ૫૦૦૦/– થી ઘટાડીને રૂા.૩૫૦૦/– કરવા અને અધ્યાપકો માટે રૂા.૫૦૦૦/– યથાવત રાખવામાં આવે તેવી વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં નિર્ણય કરવા વિનંતી તેમના તા. ૨૫ ઓગષ્ટ ૨૦૧૪થી કરેલ છે, જે વિનંતી પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી વિભાગમાં ચાલતા (૧) સર્જનાત્મક લેખન (૨) પ્રૂફ રીડિંગના સર્ટિફિકેટ અભ્યાસક્રમોની ફી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે રૂા.૩૫૦૦/– સમાન ધોરણે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી રાખવી.**

૬૬. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ માટે ઓકટોબર / નવેમ્બર–૨૦૧૪ અને માર્ચ / એપ્રિલ–૨૦૧૫માં લેવાનારી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓના છાપકામ માટે ઈ–ટેન્ડરીંગ પ્રક્રિયા અંતર્ગત વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ આપી મંગાવવામાં આવેલ ઈ–ટેન્ડરો સંદર્ભે નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ ટેન્ડરની ટેકનિકલ બીડની ચકાસણી (સ્કૂટીની) માટે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નિયુકત ચકાસણી સમિતિની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ માટે ઓકટોબર/ નવેમ્બર–૨૦૧૪ અને માર્ચ/એપ્રિલ–૨૦૧૫માં લેવાનારી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓના છાપકામ માટે ઈ–ટેન્ડરીંગ પ્રક્રિયા અંતર્ગત વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ આપી મંગાવવામાં આવેલ ઈ–ટેન્ડરો સંદર્ભે નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ ટેન્ડરની ટેકનિકલ બીડની ચકાસણી (સ્કૂટીની) માટે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર નિયુકત ચકાસણી સમિતિની કાર્યવાહી અંતર્ગત બિન્દયા એન્ટરપ્રાઈઝની Price Bid ખોલવી નહીં તથા ગાલા પ્રિન્ટસીટી પ્રા. લિ. તથા ગાલા પ્રોડકટસ પ્રા.લિ. પાસે આઈ. એસ. આઈ.નું પ્રમાણપત્ર મેળવવું અને જો રજૂ કરે તો જ તેમનું Price Bid ખોલવું.**

૬૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂટરાઈઝેશન અંગે ERP Solutionના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૭/૧/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ૭૫ થી નિયુકત સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત વધુ અભ્યાસ માટે આગામી સિન્ડિકેટમાં લાવવી.**

૬૮. યુનિવર્સિટી સંલગ્ન ભગવાન મહાવીર કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, (બી.સી.એ.) ભરથાણા, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી સવારે ૭:૩૦ થી ૧:૩૦ સમય રાખવાનું સંસ્થાની મેનેજીંગ કમિટિની મંજૂરી દ્વારા નકકી કરવામાં આવેલ છે. આ બાબતમાં સદરહુ બદલવામાં આવેલ સમયની જરૂરી નોંધ લઈ તે મુજબ જરૂરી કાર્યવાહી કરવા પ્રસ્તુત કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૨૫–૪–૨૦૧૪ ના પત્રથી કરેલ વિનંતી ઉપર સિન્ડિકેટની તા.૨૫–૬–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦) અન્વયે, સમયમાં ફેરફાર અંગે યુનિવર્સિટીના તા. ૧૧–૭–૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ એસ.એ.(મહાવીર)(બીસીએ)(૧૪)/૮૩૦૭, થી ખુલાસો મંગાવતા સદર કોલેજના ઈ.ચા. આચાર્યશ્રીએ તેમના તા.૧૯–૮–૨૦૧૪ના પત્રથી મોકલેલ ખુલાસા પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ભગવાન મહાવીર કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, (બી.સી.એ.) ભરથાણા, સુરતને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી સવારે ૭ :૩૦ થી ૧:૩૦ સમય રાખવા મંજૂરી આપવી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૬૯. સ્વનિર્ભર કોલેજોમાં બી.સી.એ. અને બી. કોમ.માં એડમિશનનો જયાં ગંભીર પ્રશ્ન હોય ત્યાં નિયમની મર્યાદામાં રહીને સીટો વધારવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવા બાબતના શ્રી સંજયભાઈ દેસાઈના તા.૨૬–૮–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે અભ્યાસક્રમોમાં એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ તથા જોઈન્ટ એડમિશન કમિટિ નથી ત્યાં માનનીય કુલપતિશ્રીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે સત્તા આપવી તથા જયાં એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ રાજય સરકાર દ્વારા છે ત્યાં રાજય સરકારશ્રીની સુચનાનુસાર પ્રવેશો કરવા.**

**(પરિશિષ્ટ : " ઝ " )**

૭૦. E - Library books અંગેના શ્રી સંજયભાઈ દેસાઈના તા.૨૬–૮–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી નરેશ કાપડીયા, સુરત દ્વારા તૈયાર કરવામાં આવેલ વિશ્વના ૧૨૫ શ્રેષ્ઠ ચિંતકોના શ્રેષ્ઠ પુસ્તકોનો ૯ (નવ) C. D. (કમ્પ્યૂટર ડિસ્ક) યુનિવર્સિટીની તમામ કોલેજો તથા ડિપાર્ટમેન્ટોને વિના મૂલ્યે આપવાની દરખાસ્તનો સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : " ટ " )**

૭૧. સને ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરિશિષ્ટ : " ઠ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ઠ ")**

૭૨. વી. ટી. ચોકસી લો કોલેજ એલ. એલ. બી.ના પ્રવેશો બાબતે સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈની મૌખિક રજૂઆત બાબતે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક/અનુસ્નાતક)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, વી. ટી. ચોકસી લો કોલેજ, સુરતમાં પ્રથમ વર્ષ એલ. એલ. બી.માં પ્રવેશ બાબતે યોગ્ય નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૭૩. મુંબઈનું ટ્રસ્ટ " WISDOM LIBRARIES " યુનિવર્સિટીની તમામ કોલેજોની તથા ડિપાર્ટમેન્ટોની લાયબ્રેરીઓને લાયબ્રેરી દીઠ ૨૫૦ નંગ આધ્યાત્મિક પુસ્તકો ભેટ આપવા માંગે છે. " WISDOM LIBRARIES "ના પ્રતિનિધિ સાથે મિટિંગ કરી આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા અંગેના શ્રી સંજયભાઈ દેસાઈના તા.૨૬–૮–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** "WISDOM LIBRARIES" **મુંબઈ દ્વારા યુનિવર્સિટીની તમામ કોલેજોની તથા ડિપાર્ટમેન્ટોની લાયબ્રેરીઓને લાયબ્રેરી દીઠ ૨૫૦ નંગ આધ્યાત્મિક પુસ્તકો ભેટ આપવાની દરખાસ્તનો સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : " ડ ")**

૭૪. ગાલા પ્રોડકટસ પ્રાઈવેટ લિમિટેડના વધુ મોકલેલ ઉત્તરવહીઓનું પેમેન્ટ કરવા અંગેના તા.૨૧–૮–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગાલા પ્રોડકટસ પ્રાઈવેટ લિમિટેડે ઉત્તરવહીઓ છપાવવા આપેલ ઓર્ડર કરતાં વધુ ઉત્તરવહીઓ છાપેલ હોઈ તે પૈકી બાકી નિકળતા ચુકવણા પેટે માત્ર રૂપિયા એક લાખનું ચુકવણું કરવું.**

**(પરિશિષ્ટ : " ઢ ")**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.** **કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૩૫૭૦/૨૦૧૪.
તા.૨૧–૧૧–૨૦૧૪.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......**